# વિશ્વવિહાર

વર્ષ : 26 * અંક : 7 * એપ્રિલ 2024 * કિં. ₹ 15




ફૉરેન્સિક સાયન્સના ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રદાન કરનાર

ડૉ. જે એમ. વ્યાસને

એનાયત થનારો

શિક્ષણવિદ શ્રી દાઉદભાઈ ઘાંચી જ્ઞાનપ્રતિભા ઍવૉર્ડ



છેલ્લાં ૩૬ વર્ષથી કૉલકાતામાં કાર્યરત ‘વિચારમંચ’ સંસ્થા દ્વારા સાહિત્ય, શિક્ષણ, સંશોધન, ચિત્રકલા અને સેવાનાં ક્ષેત્રે રાષ્ટ્રવ્યાપી કાર્ય કરનારને સન્માનિત કરવામાં આવે છે. તાજેતરમાં ૧૭મી માર્ચ, ૨૦૨૪, રવિવારે કૉલકાતાના કાશીપુરમાં આવેલા એજ્યુકેશન સેન્ટરમાં ભારતની જુદાં જુદાં ક્ષેત્રની વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે ઉદ્યોગપતિ અને સમાજસેવી શ્રી રંજીતસિંહ કોઠારી અને પૂર્વઆઈ.સી.એસ. અધિકારી શ્રી ચંચલમલ બચ્છાવત તેમજ અનેક શૈક્ષણિક સંકુલોના સ્થાપક સરદારમલ કાંકરિયા દ્વારા ગુજરાતના સાહિત્યકાર ડૉ. કુમારપાળ દેસાઈને ‘વિચારમંચ’નું સર્વોચ્ચ સન્માન ‘હેમચંદ્ર આચાર્ય સાહિત્ય સન્માન’ અર્પણ કરવામાં આવ્યું.




ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં ‘આપણાં ધીરુબહેનની જાણી-અજાણી વાતો’ અંતર્ગત કાર્યક્રમમાં ઉપસ્થિત મંચસ્થ વક્તાઓએ ધીરુબહેન સાથેનાં પોતાનાં સ્મરણો તથા ધીરુબહેનના લાગણીભર્યા સ્નેહની ખૂબ જ સરસ અને સુંદર વાતો કરી

આ ક્યૂ આર કોડ સ્કૅન કરવાથી ‘વિશ્વવિહાર’માં અગાઉ પ્રકાશિત થયેલા લેખો સાંભળી શકાશે અને જે તે મહિનાનું ‘વિશ્વવિહાર’ દર મહિનાની ૧૫મી તારીખે શ્રાવ્ય (ઓડિયો) રૂપે ઉપલબ્ધ થશે.

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org

છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-

લવાજમ : ‘ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ’ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.

વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)

[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# ચૂંટણીફંડ, ઇલેક્ટોરલ બૉન્ડ અને આવતીકાલ !

ચૂંટણી એ લોકશાહીમાં શાસકોની નાગરિકો દ્વારા પસંદગી કરવાની પ્રક્રિયા છે. આઝાદીનાં ૭૬ વર્ષ પૂર્ણ થયા બાદ એશિયા જ નહીં, પણ સમગ્ર વિશ્વમાં સૌથી વિશાળ અને કાર્યક્ષમ લોકશાહી દેશ તરીકે ભારતમાં યોજાયેલી ચૂંટણીઓ અનેક દૃષ્ટિએ આગવું મહત્ત્વ ધરાવે છે. લગભગ ૧૦૦ કરોડ જેટલા મતદારોમાંથી ૬૫થી ૭૦ ટકા પોતાના મતાધિકારનો ઉપયોગ કરી પ્રતિનિધિઓની પસંદગી કરે, તે માટે સરકારી તંત્રે, રાજકીય પક્ષોએ, ઉમેદવારોએ મોટા પાયે આયોજન કરવું અને તેનો ચુસ્ત અમલ કરવો, તે એક અનિવાર્ય પડકાર છે. આ ચૂંટણીની ગતિવિધિ ખૂબ ખર્ચાળ બની છે. ઉમેદવારો, તેના પક્ષો અને સરકારી તંત્રે અબજો રૂપિયાના ખર્ચે આ કાર્ય સંપન્ન કરવું પડે છે.

ચૂંટણી સમયે જે ભંડોળ એકત્ર કરવામાં આવે છે તેનાં જુદાં જુદાં મૉડલ આપણી સમક્ષ છે. કેટલાય ધનવાન ઉમેદવારો પક્ષની આર્થિક સહાય વિના પોતાના હિસાબે અને જોખમે ચૂંટણી લડે છે. બીજી કક્ષામાં સરકાર અને પક્ષમાં મહત્ત્વનાં પદો ધરાવતા લોકો પોતાનો સંપર્ક ધરાવતી આર્થિક રીતે સધ્ધર વ્યક્તિઓ/કંપનીઓ પાસેથી ભંડોળ એકઠું કરે છે. થોડા ઉમેદવારોને તેમનો રાજકીય પક્ષ ચૂંટણીખર્ચની વ્યવસ્થા કરી આપે છે. આપણા દેશમાં અમુક લોકસેવકો ખાસ કોઈ નોંધપાત્ર ખર્ચ કર્યા વિના જ પોતાની સેવાની મૂડી, પ્રામાણિકતા અને લોકચાહનાને કારણે ચૂંટણીમાં જીત મેળવે છે. એકંદરે દરેક ઉમેદવારે ચૂંટણીપંચે નક્કી કરેલી મર્યાદામાં ખર્ચ કરવો પડે છે અને તેનો વિગતવાર હિસાબ પણ સમયમર્યાદામાં આપવો પડે છે. આગામી લોકસભાની ચૂંટણી માટે ચૂંટણી-પંચે ઉમેદવારને રૂ. ૯૫ લાખ સુધીનો ખર્ચ કરવા મંજૂરી આપી છે. સરેરાશ રીતે લોકસભા બેઠકના વિસ્તારની વસ્તી ૨૫-૩૦ લાખ જેટલી હોય છે.

અગાઉ દેશમાં દારુણ ગરીબી હતી, ત્યારે રાજકીય પક્ષો અને ઉમેદવારો નજીવા ખર્ચમાં ચૂંટણી લડી શકતા હતા. લોકોની આવક વધતાં અને મોંઘવારી વધતાં હવે ખૂબ મોટો ખર્ચ કરવો પડે છે. ચૂંટણીભંડોળ દેશ માટે ભ્રષ્ટાચારની ગંગોત્રી છે તેવા આક્ષેપો ઘણાં વર્ષોથી થતા રહ્યા છે. રાજકીય પક્ષના ટોચના આગેવાનોનો વિમાન-હેલિકૉપ્ટર દ્વારા ખૂબ વ્યાપક અને ખર્ચાળ પ્રવાસ, કાર્યકરોને રોકડ મહેનતાણું, મતદારોને લાલચ માટે વસ્ત્ર, દારૂ કે રોકડ રકમ આપવાની પદ્ધતિના કારણે ખૂબ જ જંગી રકમની જરૂરિયાત રહે છે. આ અંગે મહેનતાણામાંથી ફાળવણી સહિત અનેક વિકલ્પો ચર્ચામાં હતા.

૨૦૧૮માં ભારત સરકારે ચૂંટણી ફંડ માટે 'ઇલેક્ટોરલ બૉન્ડ' નામની આગવી યોજના દાખલ કરી. સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયાને દાતાઓ રકમ આપે તેની સામે બૅંક તેટલી રકમના બૉન્ડ આપે. કોણે રકમ આપી અને કેટલી આપી તે બૅંક ગોપનીય રાખે તેવી જોગવાઈ હતી. આ યોજના હેઠળ તમામ મહત્ત્વના રાજકીય પક્ષોને ઇલેક્ટોરલ બૉન્ડ દ્વારા અબજો રૂપિયાનું દાન મળ્યું હતું. આ વ્યવસ્થામાં ગુપ્તતા અને દાનના હેતુ કે ખરેખર કોણે રકમ આપી છે તેની કોઈ માહિતી જાહેર કરવાની ન હતી. આ વ્યવસ્થા છ વર્ષ તો યોજના પ્રમાણે ચાલતી રહી. તાજેતરમાં ઘણાં વર્ષોથી સુપ્રીમ કોર્ટમાં વિચારાધીન હતી એવી એક જાહેર હિતની અરજીના ચુકાદામાં આદેશો આપવામાં આવ્યા : (૧) આ સમગ્ર યોજનામાં પારદર્શિતાનો અભાવ છે. કાળાં નાણાંનો ઇલાજ કરવાને બદલે આ બેરર બૉન્ડ કોણ ખરીદે છે, કોણ દાનમાં આપે છે તે બૅંક અને સબંધિત રાજકીય પક્ષ (તેના થોડા આગેવાનો) સિવાય અન્ય કોઈને જાણકારી મળી શકતી ન હતી. (૨) સુપ્રીમ કોર્ટે આદેશમાં એ પણ કહ્યું કે સ્ટેટ બૅંક આ સમગ્ર કાર્યવાહી, તમામ નાણાકીય વ્યવહારોની વિગત ચૂંટણીપંચને આપે. ત્યાબાદ તત્કાળ ચૂંટણીપંચ આ માહિતી સૌની જાણ અર્થે વેબસાઇટ પર મૂકે. સ્ટેટ બૅંકે થોડાં બહાનાં બતાવી માહિતી આપવામાં વિલંબ કર્યો, પણ કોર્ટે લાલ આંખ કરતાં બૅંકે માહિતી આપી. જોકે આ માહિતીમાં ઊણપ છે અને અમુક બાબતો છુપાવી છે તેવા આક્ષેપો વચ્ચે સુપ્રીમ કોર્ટે બૅંકને ઠપકો આપી ભૂતકાળનાં તમામ દાન(ઇલેક્ટોરલ બૉન્ડ)ની વિગતો જાહેર કરવા ફરી આદેશ કર્યો છે.

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ચૂંટણીફંડ, ઇલેક્ટોરલ બૉન્ડ અને આવતીકાલ ! | ૩ | પ્રવીણ ક. લહેરી |
| સ્વાધીન કવિની ગરિમા ! | ૭ | કુમારપાળ દેસાઈ |
| કેટલી ગરમી સહન થાય ? | ૧૨ | ચિંતન ભટ્ટ |
| પ્રકૃતિના તાલે નૃત્ય | ૧૫ | પ્રીતિ શાહ |
| હું, ફિલ્મો અને દેવ આનંદ | ૧૭ | રતિલાલ બોરીસાગર |
| કલાત્મક હુક્કા-દરબાર | ૨૦ | સુધા ભટ્ટ |
| બિનજરૂરી કૉલની ઓળખ | ૨૨ | હર્ષ મેસવાણિયા |
| એક મકાનની અંદર સમેટાઈ ગયેલું શહેર | ૨૪ | હેમંત વાળા |
| ભૂમિખંડોની બદલાતી સીમાઓ | ૨૬ | નીતિન કોઠારી |
| ગાંધીચેતના ને 'પંજ તીરથ'ની જાત્રા | ૨૯ | અમૃત ગંગર |
| વિશ્વકોશવૃત્ત | ૩૨ | – |

૨૦૧૮માં ઈલેક્ટોરલ બૉન્ડની યોજનાના અમલ માટે લોકપ્રતિનિધિત્વ ધારામાં, આવકવેરા કાયદામાં, વિદેશી દાનના નિયંત્રણ ધારામાં, કંપની ઍક્ટમાં ફેરફારો કરી તેનો અમલ થાય તેવી જોગવાઈઓ કરવામાં આવી. જે રાજકીય પક્ષ વિધાનસભા કે લોકસભાની ચૂંટણીમાં કુલ મતદાનનો એક ટકો મત મેળવે તે ઈલેક્ટોરલ બૉન્ડ દ્વારા ચૂંટણીફંડ માટે દાન મેળવી શકશે તેવી જોગવાઈ કરવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટે આ યોજનાને ગેરબંધારણીય અને પારદર્શિતાનો છેદ ઉડાડનારી જાહેર કરી રાજકીય પક્ષોને આ રકમ મૂળ ઈલેક્ટોરલ બૉન્ડ ખરીદનારને દાનની રકમ પરત કરવા પણ હુકમ કર્યો છે. જોકે આ કામગીરી ક્યારે અને કઈ રીતે સંપન્ન થાય તે અંગે કોઈ સ્પષ્ટતા નથી. આ આદેશનો અમલ કરવો જટિલ છે. જેમણે અબજો રૂપિયાના બૉન્ડ ખરીદી રાજકીય પક્ષોને દાનમાં આપ્યા છે, તે રકમ તો જે તે પક્ષે ખર્ચી નાખી હોય તો તે રકમ પરત કેમ ચૂકવશે ? આવા કેટલાય પ્રશ્નોના ઉત્તરો શોધવા પડશે.

સુપ્રીમ કોર્ટના ઈલેક્ટોરલ બૉન્ડના ચુકાદાના કારણે સામાન્ય નાગરિકને હૈયાધારણ મળી છે કે સંવિધાનના સંરક્ષકની ભૂમિકા બજાવવામાં સુપ્રીમ કોર્ટ જાગૃતિ અને તકેદારી રાખશે. અમુક નાગરિકોની લાગણી છે કે લોકશાહીની આવી મહત્ત્વની બાબતે સુપ્રીમ કોર્ટે તાકીદે નિર્ણય કરવો જોઈતો હતો. ‘દેર સે આયે, દુરસ્ત આયે’ના ન્યાયે સૌએ સુપ્રીમ કોર્ટના ચુકાદાને આવકાર્યો, પરંતુ રાજકીય પક્ષોએ આ મુદ્દે સૂચક મૌન ધારણ કર્યું છે. અગાઉ પણ રાજકીય પક્ષોની આવી ગુપ્ત વ્યવસ્થામાં કોઈ મુશ્કેલી દેખાઈ ન હતી. તેમના માટે નૈતિકતાના મુદ્દા કરતાં નાણાકીય ભંડોળ વધારે મહત્ત્વનું હતું.

સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયાએ જાહેર કરેલી માહિતી પ્રમાણે ૨૦૧૯થી ૨૦૨૪ના છ વર્ષના સમયગાળામાં લગભગ ૧૪ હજાર કરોડથી વધારે રકમ રાજકીય પક્ષોને દાન તરીકે મળી છે. ભારતીય જનતા પક્ષને રૂ. ૬૦૬૦ કરોડ, તૃણમૂલ કૉંગ્રેસને રૂ. ૧૬૦૯ કરોડ, ભારતીય કૉંગ્રેસને રૂ. ૧૪૨૧ કરોડ, ભારત રાષ્ટ્ર સમિતિને રૂ. ૧૨૧૪ કરોડ, (આ પક્ષ ક્યાંય સત્તામાં નથી) બીજુ જનતા દળને રૂ. ૭૭૫ કરોડ, ડીએમકેને રૂ. ૬૩૯ કરોડ, વાયએસઆર કૉંગ્રેસને રૂ. ૩૩૭ કરોડ, તેલુગુ દેશમ્ પાર્ટીને રૂ. ૨૧૮ કરોડ, શિવસેનાને રૂ. ૧૫૮ કરોડ, રાષ્ટ્રીય જનતા દળને રૂ. ૭૨ કરોડ અને આમઆદમી પાર્ટીને રૂ. ૬૫ કરોડ મળ્યા છે. કુલ ૨૭ પાર્ટીને મળેલ દાનની વિગત જોતાં એમ લાગે છે કે સત્તામાં છે તે અને નથી તે સૌએ યેનકેન પ્રકારેણ મોટી રકમ મેળવી છે. આ યોજનાના વિરોધીઓએ જે વાંધાઓ ઉઠાવ્યા હતા, તે સુપ્રીમ કોર્ટે માન્ય રાખતાં રાજકીય પક્ષોની સ્થિતિ આ બાબતમાં આપણે સહુ સરખા જેવી થઈ છે.

તમામ લોકશાહી દેશોમાં ચૂંટણીભંડોળનો મુદ્દો ખૂબ સંવેદનશીલ અને ચર્ચાસ્પદ રહ્યો છે. અમેરિકામાં શસ્ત્રોના ઉત્પાદકો, બહુરાષ્ટ્રીય કંપનીઓ ભંડોળ પૂરું પાડે છે.

ઇંગ્લૅન્ડમાં ચૂંટણીપદ્ધતિ સરળ હોવાથી પ્રમાણમાં ઓછા ભંડોળની જરૂર પડે છે. આપણે ત્યાં હવે સામાન્ય નાગરિક રાજકીય પક્ષને દાન આપવામાં રસ ધરાવતો નથી. બરાક ઓબામાએ મોટા દાતાઓની ચુંગાલમાંથી બચવા એક ડૉલરથી સો ડૉલરનું દાન સામાન્ય લોકો પાસેથી મેળવ્યું હતું; એટલું જ નહીં, પણ તમામ દાતાઓના નામની સૂચિ અને દાનની રકમ પણ વેબસાઇટ પર મૂકી હતી. સરકાર રાજકીય પક્ષોને મળેલ મતના પ્રમાણમાં ભંડોળ આપે તેવી માગણી છે, પણ ઉચિત નથી. સરકાર આવો ખર્ચ કરદાતાના માથે નાખી શકે નહીં. આમ પણ રાજકીય પક્ષો સત્તામાં હોય ત્યારે મતદારોને લલચાવવા માટે અનેક સરકારી યોજનાઓનો ઉપયોગ કરે છે. સરકારી ખર્ચે કરોડો રૂપિયાની જાહેરાતો કરીને પોતાનો પક્ષીય પ્રચાર કરે છે.

ઇલેક્ટોરલ બૉન્ડ એટલે દાતાઓ અને પક્ષો વચ્ચેની સાંઠગાંઠ છૂપી રહે તેવી જોગવાઈ. હવે તે જ્યારે રદ થઈ છે ત્યારે ચૂંટણીના ખર્ચ માટે લોકશાહીને અનુરૂપ, પારદર્શક અને વિશ્વસનીય વ્યવસ્થા ગોઠવવી જરૂરી છે. દરેક પક્ષે ઑનલાઇન નાના દાતાઓ, સામાન્ય નાગરિકો પાસેથી રૂ. ૫૦ હજારથી ઓછી રકમ નામ-સરનામાં, મોબાઇલ નંબર સાથે જાહેરમાં મૂકી સ્વીકારવાની જોગવાઈ ફરજિયાત કરવી જોઈએ. જો ટ્રસ્ટ દ્વારા રૂ. બે હજારથી વધારેની રકમ રોકડમાં ન લઈ શકાય અને રૂ. બે હજારથી વધુ રકમ દાન આપનાર પાસેથી પાનકાર્ડ- આધારકાર્ડ મેળવવાનો આગ્રહ રાખી શકતા હો, તો રાજકીય પક્ષોને પણ તે ધોરણો શા માટે લાગુ ન પાડવાં જોઈએ ? રાજકીય પક્ષોને કંપનીઓ કે ધનવાનો પણ રૂ. ૫૦ હજાર કરતાં વધારે રકમ રોકડ કે ચેકથી નહીં આપી શકે તેવી કડક જોગવાઈ જ 'ચૂંટણીમાં ભંડોળ આપો અને પછી અનુચિત લાભો મેળવો' જેવું સમીકરણ દૂર કરી શકશે.

જન જનની ભાગીદારી, લોકજાગૃતિ અને સતત તકેદારી – એ લોકશાહીની રક્ષા માટે પાયાની જરૂરિયાત છે. ભારતની લોકશાહી હવે પુખ્ત અને પરિપક્વ થઈ છે ત્યારે નાગરિકોએ ચૂંટણી પૂરતો જ રાજકીય બાબતોમાં રસ ન દાખવતાં એક નવા માહોલની રચના કરવાનો સમય આવી પહોંચ્યો છે. દેશનું અર્થતંત્ર અમેરિકી ડૉલર પાંચ ટ્રિલિયનનું થાય તે સાથે સરકારો મૂડીવાદીઓની દાસી ન બને તે માટે કાયદાકીય જોગવાઈઓ કરવાની જરૂરિયાત છે. જે રીતે ચૂંટણી કમિશનર શ્રી ટી. એન. શેષાને એકલે હાથે ચૂંટણી ન્યાયી અને નિષ્પક્ષીય બનાવવા ઝુંબેશ ઉપાડી હતી તેમ ચૂંટણીના ફંડના આધારે તવંગરો અને રાજકીય પક્ષોની સાંઠગાંઠ છે તે તોડીને તમામ રાજકીય પક્ષો આગેવાનોની નાગચૂડમાંથી મુક્ત થઈ પારદર્શક રીતે 'સર્વજન સુખાય, સર્વજન હિતાય' કામ કરે તેવી અપેક્ષા રાખીએ. લોકશાહી એ આપણી સ્વતંત્રતા, સમાનતા અને ન્યાય માટે તંદુરસ્ત રીતે કામ કરે તે જોવાની જવાબદારી આપણા સૌ નાગરિકોની છે.

**- પ્રવીણ ક. લહેરી**

જન્મજયંતીએ

# સ્વાધીન કવિની ગરિમા !



કવિ શ્રી ન્હાનાલાલ

ગુડી પડવાનું પર્વ (૯ એપ્રિલ, ૨૦૨૪) આવી રહ્યું છે, ત્યારે સાહજિક રીતે ગુડી પડવાના પર્વની ઉમંગભરી ઉજવણીની સાથોસાથ ગુજરાત વસંતોત્સવના કવિ ન્હાનાલાલના જન્મદિવસ રૂપે પણ એની ઉજવણી કરે છે. પ્રજાએ જેમને 'કવિસમ્રાટ' કે મહાકવિનું બિરુદ આપ્યું હતું, એવા કવિ ન્હાનાલાલે એ સમયે સમગ્ર ગુજરાતને પોતાનાં સાહિત્યસર્જનોથી ઘેલું લગાડ્યું હતું. જીવનભર સાચના સિપાહી તરીકે એ 'એકલો જાને રે'ની માફક જે સત્ય લાગે તેનું કોઈ પણ ભોગે પાલન કરવા દૃઢનિશ્ચયી હતા. અસત્ય તો ઠીક, કિંતુ અર્ધસત્યનો પણ એમણે વિરોધ કર્યો. અંગત જીવનમાં ઉપેક્ષા અને અન્યાય જીરવી લીધાં, પણ કવિતામાં તો એમણે આશા, ઉલ્લાસ અને વસંત છલકાવી દીધાં. આમ તો ગુજરાત પાસે આ કવિનું એક વિસ્તૃત ચરિત્ર હોવું જોઈએ. આજે તો કવિના કેટલાક પ્રસંગોનું સ્મરણ કરીને એમના જન્મદિવસની ઉજવણી કરીએ.

ગરવી ગુજરાતના આકાશમાં એમનાં ગીતો અને ભાવોથી છવાઈ જનારા કવિ ન્હાનાલાલને ગુજરાતની પ્રજાએ અપાર ચાહના આપી હતી. કવિ ન્હાનાલાલનું મિત્રવર્તુળ પણ ઘણું વિશાળ હતું. બીજા સાહિત્યકારો અન્ય સમુદાયો સાથે ભળી શકતા નહીં, જ્યારે કવિ ન્હાનાલાલ આસાનીથી સાહિત્યેતર સમાજમાં પણ ભળી જતા હતા. પોતાના કોઈ પડોશીને મુશ્કેલી આવે, તો એને મદદ કરવા સદા તત્પર રહેતા. વળી એમની વાણીમાં એક તળપદી લાગણીનું તત્ત્વ હતું, જેને પરિણામે સામાન્ય માનવી પણ એમની સાથે આત્મીયતાના તારે બંધાઈ જતો.

કવિ રાજકોટમાં હતા ત્યારે એક વાર નજીકમાં આગ લાગી. કવિ તરત જ ત્યાં પહોંચી ગયા. ફાયરબ્રિગેડ મદદે આવી, પણ એની પાસે ઘણા ઓછા માણસો હતા, ત્યારે કવિ ન્હાનાલાલ જાતે પંપ ચલાવવા ગયા હતા. છેક બીજી પરોઢે આગ કાબૂમાં આવી, ત્યારે પાણીથી તરબોળ થયેલા કવિએ કપડાં બદલ્યાં હતાં.

યુવાનવયે ન્હાનાલાલ કુશળ ક્રિકેટ-ખેલાડી હતા. એક વખત રાજકોટમાં મેદાન ઉપર ક્રિકેટ ખેલતા એક નવા આવેલા ગોરા અમલદાર સાથે હસ્તધૂનન કરતાં અમલદારે એમને જોઈને પૂછ્યું, 'કોણ છો તમે ? (હૂ આર યૂ ?)' ત્યારે કવિએ પોતાનું મોં ફેરવી લીધું હતું અને કશો ઉત્તર આપ્યો નહોતો. એથીય વિશેષ એ પછીના દિવસે જાણે એ

ગોરા અમલદારને ક્યારેય મળ્યા જ ન હોય, એ રીતે કવિ એની સાથે વર્તન કરતા હતા, પરંતુ ન્હાનાલાલની સુંદર રમત જોઈને પેલાએ એમના કોઈ સાથી પાસેથી પરિચય મેળવ્યો અને સામે ચાલીને ન્હાનાલાલને મળવા ગયા.

૧૮૯૪માં ન્હાનાલાલ મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં પ્રિવિયસના વર્ગમાં દાખલ થયા. કૉલેજના પ્રથમ વર્ષમાં એ નાપાસ થયા હતા, પરંતુ એ સમયે પણ એમણે ક્રિકેટમાં આગવી નામના મેળવી હતી. મજાની વાત એ હતી કે એલ્ફિન્સ્ટન કૉલેજની ક્રિકેટટીમના અગિયાર ખેલાડીઓમાં દસ પારસી ખેલાડી હતા અને માત્ર એક જ હિંદુ ખેલાડી હતો અને તે ગુજરાતી યુવાન ન્હાનાલાલ !

ન્હાનાલાલે ક્યારેય પીછેહઠ કરી નથી, સિદ્ધાંતોમાં બાંધછોડ કરી નથી કે કોઈ સમાધાન કર્યું નથી, આથી જ ૬૭મા વર્ષે ગુજરાત કૉલેજમાં એમનું તૈલચિત્ર ખુલ્લું મુકાયું, તે સમયે એમણે પોતાના જીવન વિશેની કેટલીક વાતો કરી હતી. પોતાના આત્મચરિત્રનો વૃત્તાંત કહીને એમના વ્યાખ્યાનમાં એમણે માર્મિક શબ્દો ઉચ્ચાર્યા, 'સખ્ત બૉલિંગ ઝીલીએ છે, ને સખ્ત બૉલિંગ કીધીએ છે. એમાં છે જીવનની સ્પૉર્ટ્સમૅનશિપ - આયુષ્યની ખેલદિલી.'

આ કવિને ત્યાં કંઈ લક્ષ્મીની છોળો ઊડતી નહોતી, પરંતુ કવિ પાસે ફકીરીને શોભે એવી અમીરી હતી. પોતાનાં સંતાનોમાં અને મિત્રોનાં સંતાનો વચ્ચે એમણે ક્યારેય કોઈ ભેદ રાખ્યો નહીં. ઘરના દરવાજે જે કોઈ યાચના કરવા આવે, એને જાત ઘસીને પણ મદદ કરે. એક વાર એક મિત્રનો પુત્ર એમના ઘેર આવ્યો. એને વધુ અભ્યાસ કરવાની ભારે તાલાવેલી હતી. કવિએ એને બરાબર ચકાસ્યો. એમને લાગ્યું કે આ છોકરાને ભણવાની ભારે હોંશ છે, પણ ગરીબાઈને કારણે એનો ગજ વાગતો નથી. આથી કવિ ન્હાનાલાલે કશુંય બોલ્યા વિના પોતાનાં બાળકો સાથે એને નિશાળે મૂકી દીધો અને એ રીતે એને ભણાવ્યો.

એમના પડોશમાં રહેતી ચિત્તભ્રમ ધરાવતી એક સ્ત્રીએ કૂવામાં પડતું મૂક્યું ત્યારે કવિ ન્હાનાલાલ અને એમનાં પત્ની માણેકબા એમની મદદે દોડી ગયાં. જોયું તો એ ગરીબ પાસે પત્નીની અંતિમ ક્રિયા કરવા માટે પૈસાની કશી સગવડ નહોતી. કવિએ એની અંતિમ ક્રિયાનો પૂરો ખર્ચ આપ્યો.

એક વાર મહામહોપાધ્યાય શંકરલાલ શાસ્ત્રીની શ્રદ્ધાંજલિસભામાં હાજર રહેવા માટે ન્હાનાલાલે મોરબીના 'શંકરાશ્રમ'માં ઉતારો રાખ્યો. ન્હાનાલાલથી કોણ અજાણ્યું હોય ? મોરબીના રાજવીને એમના આગમનની જાણ થઈ, તો એમણે વિનંતી સાથે સંદેશો મોકલાવ્યો, 'આપ અમારા રાજગઢમાં પધારો. અમારા મહેમાન બનો.'

કવિએ રાજવીના કહેણને પાછું વાળ્યું અને કહ્યું, 'આજે તો હું શંકરઆશ્રમનો મહેમાન છું. એમણે મને નિમંત્ર્યો છે. અવકાશે હું આપને મળવા આવી જઈશ.'

કવિ મોરબીના રાજવીને મળવા ગયા. કવિને આવકાર આપવા માટે રાજવીએ ઘણી તૈયારી કરી રાખી હતી અને એની સાથોસાથ કેટલીક કીમતી ચીજવસ્તુઓ ભેટ રૂપે આપવા ગોઠવી રાખી. મોરબીના રાજવીએ કવિને ઉમળકાભેર આવકાર આપ્યો. બંને વચ્ચે વાર્તાલાપ ચાલ્યો. નિરાંતે વાતો થઈ. રાજવીએ કવિ પ્રત્યે આનંદ અને આદર

વ્યક્ત કર્યો અને અંતે કહ્યું, 'કવિસાહેબ, આપે ઘણું આપ્યું છે. આ મારી ગુરુદક્ષિણા સ્વીકારો.' રાજવીએ કીમતી વસ્તુઓ ભેટ ધરી, ત્યારે ન્હાનાલાલે આદરપૂર્વક એનો અસ્વીકાર કરતાં કહ્યું,

'આ ન લેવાય. તમે આવો ભાવ રાખો છો, એ જ મારે માટે બસ છે.'

પણ મોરબીના રાજવી ગુરુદક્ષિણા આપવાની ગાંઠ વાળીને બેઠા હતા. એમણે કવિને અત્યંત આગ્રહ કર્યો, ત્યારે એક નાની ઘડિયાળ સ્વીકારી. એ પછી કવિ અને રાજવી વચ્ચે ઘણી વાતો થઈ. મોરબીના રાજવીએ કહ્યું, 'આપ આવ્યા તેનો આનંદ છે. હવે આપને મૂકવા માટે મારું સલૂન છેક વિરમગામ સુધી મોકલું છું.'

પરંતુ કવિ ન્હાનાલાલ તો ફકીર બાદશાહ. એમણે કહ્યું, 'ના, મારી હદ તો એથીય આગળ જાય છે. તમે સલૂન મોકલશો નહીં. હું તો ગુજરાતનો અદનો સેવક છું. મારે એ ન જોઈએ.'

મોરબીના રાજવી એમ માને તેવા નહોતા. ન્હાનાલાલ પ્રત્યે એમના હૃદયમાં આદરસન્માન હતાં અને એમની કવિતા માટે ગૌરવ હતું. આથી એમણે અત્યંત આગ્રહ કર્યો. છેવટે વઢવાણ સુધી સલૂન મોકલ્યું. એ પછી ન્હાનાલાલ વઢવાણ સ્ટેશને ઊતરીને તરત જ ત્રીજા વર્ગની ટિકિટ લઈને પોતાના ડબ્બામાં બેસી ગયા.

આવી જ રીતે એક વાર ન્હાનાલાલ એક બીજા રાજવીને ત્યાં ઊતર્યા હતા. રાજવીએ પોતે ગ્રંથરચના કરી હતી. એમણે ન્હાનાલાલને વિનંતી કરી, 'કવિસાહેબ, મેં આ એક પુસ્તક લખ્યું છે. આપને એ જરૂર ગમશે. મારી ઇચ્છા છે કે આપ એની પ્રસ્તાવના લખી આપો.'

ન્હાનાલાલ આખુંય પુસ્તક ઉથલાવી ગયા. થોડી વાર મૌન રહ્યા અને પછી ગર્જી ઊઠ્યા, 'આ પુસ્તકની પ્રસ્તાવના મારી પાસેથી જોઈએ છે, ખરું ને ? તો એ કદી નહીં બને. આમાં તો એવો અમર્યાદ શૃંગાર છે કે વાંચતાંય લાજ આવે છે. એને વિશે કલમથી લખતાં તો શું થાય ?'

બાજુમાં રાજવીના પરિચિત સ્નેહી ઊભા હતા. ન્હાનાલાલે એમનેય ધમકાવી નાખ્યા અને કહ્યું : 'તમે અહીં છો અને આવું લખવા દો છો ?'

અનીતિ કે અનાચારનું આલેખન કરતું કોઈ પુસ્તક હોય તો તેને અગ્નિને સ્વાધીન કરી દેતા અને એથીય વિશેષ તો એના લેખકને પોતે કરેલી એમના પુસ્તકની અંતિમ ક્રિયાની જાણ પણ કરતા.

આ હતો કવિનો મિજાજ. સત્યની બાબતમાં વજ્રથીયે કઠોર, પણ સંવેદનાની બાબતમાં કુસુમથીય કોમળ. એ સમયે સૌરાષ્ટ્રમાં ભયંકર દુષ્કાળ પડ્યો હતો. એ વખતે ન્હાનાલાલ રાજકોટમાં રહેતા હતા અને દુષ્કાળમાં રાહત આપવા આવેલા મંડળની કચેરી ન્હાનાલાલને ત્યાં હતી. કોઈ પણ દુષ્કાળપીડિત આવે, તો ન્હાનાલાલ અને માણેકબા એને મદદ કરતાં, અનાજ આપતાં, ભોજન કરાવતાં. ઘરમાં અનાજ ખૂટી પડશે એવી અશ્રદ્ધા એમણે કદી સેવી નહોતી, બલકે 'શ્રીહરિ સંભાળશે' એવી નિરાંત એમનાં હૃદયમાં હતી.

માનવીઓને ચાહનારા કવિની સંવેદના કેટલી વિસ્તરી હતી એ તો એમના જીવનમાં બનેલા એક પ્રસંગ પરથી જોવા મળે છે. એમના મકાનની આસપાસ એક નાનકડો બાગ હતો. એમાં મોગરા વાવ્યા હતા અને એક બકરી રોજ આવીને એનાં પાંદડાં ચાવી જાય. આથી છોકરાઓને થયું કે આપણે મહેનત કરીએ છીએ, છોડની કલમ વાવીએ છીએ અને બકરી આપણી મહેનતને ઊગવા દેતી નથી. ચાવી જાય છે. છોકરાઓએ ભેગા મળીને આ બકરીને પકડી પાડી અને ડબ્બામાં પુરાવી દીધી. બીજે દિવસે સવારે ન્હાનાલાલે એમનાં પત્ની માણેકબાને પૂછ્યું, ‘બાઈ, આજે બકરી કેમ દેખાતી નથી ?’

માણેકબાએ સાચી હકીકત કહી. અકળાયેલા છોકરાઓએ એને ડબ્બામાં પુરાવી છે, એ સાંભળતાં જ ન્હાનાલાલનો હુકમ છૂટ્યો. ‘જાઓ ! અત્યારે ને અત્યારે એ બકરીને છોડાવી લાવો અને બાઈ ! બકરીના માલિક પાસે પૈસા નહીં હોય એટલે આ બકરીને આમતેમ રખડવા દેતો હશે એટલે એને બાર રૂપિયા આપજો - મહિને હોં !’

એ જમાનામાં કવિ નર્મદ અને કવીશ્વર દલપતરામની સ્પર્ધા જાણીતી હતી, જોકે સાહિત્યની એ પ્રખર સ્પર્ધા એ બંનેના અંગત જીવનને સ્પર્શી નહોતી. પિતા કવિ દલપતરામના પુત્ર ન્હાનાલાલ ૧૭ વર્ષની યુવાન વયે ‘નર્મ કવિતા’ વાંચે છે. નર્મદની આ કવિતાઓ વાંચીને ન્હાનાલાલ નર્મદના ઘેર જવાનું વિચારે છે. નર્મદનું અવસાન થયાને આઠ વર્ષ વીતી ગયાં હતાં. મુંબઈમાં કાલબાદેવી રોડ પર ઝવેરબાગમાં કવિ ન્હાનાલાલ સામે ચાલીને એ કુટુંબનાં દર્શને જાય છે. પિતાના પ્રખર પ્રતિસ્પર્ધી પ્રત્યે પણ કેટલો પ્રેમભાવ ! નર્મદનો મંત્ર ‘પ્રેમશૌર્ય’ હતો. એ પરથી ન્હાનાલાલ પોતાનું તખલ્લુસ ‘પ્રેમભક્તિ’ રાખે છે.

ન્હાનાલાલની દેહાકૃતિની કલ્પના કરીએ તો ઊંચો ભરાવદાર દેહ, ઘઉંવર્ણા, સ્નાયુબદ્ધ શરીર, વેધક આંખો, વિશાળ લાગતું કપાળ અને ખડખડાટ હાસ્ય. કવિ મોટા મોટા સર્જકો સાથે કે મહાત્મા ગાંધીજી સામે સંઘર્ષ કરે, પરંતુ પોતાનાથી નાની વયની વ્યક્તિ કે કોઈ શિખાઉ કવિ મળવા આવે, તો એને સહેજે ભાર લાગવા ન દે. કવિ એની સાથે વાતો કરે, તોપણ એમાં પોતાની વાત બહુ ઓછી હોય અને આત્મશ્લાઘા તો ક્યારેય ન હોય.

પોતે માનેલા સત્ય માટે કવિ ઝઝૂમવા માટે કશું બાકી રાખતા નહીં. ક્યારેક એમાં આત્યંતિકતા પણ આવી જતી. કવિને વારવા પણ મુશ્કેલ. પરંતુ એ ઘટનાઓમાં કવિની પોતે નક્કી કરેલા ધોરણ પ્રમાણે જીવવાની ગરિમા દેખાય છે. પોતાનો પ્રભાવ પાડવા માટે કે પોતાની વાત સાચી મનાવવા માટે એ કદી સંઘર્ષ કરતા નહીં, પણ જ્યારે જ્યારે એમ લાગતું કે કવિ તરીકેનું અને વ્યક્તિ તરીકેનું ગૌરવ ખંડિત થાય છે, ત્યારે કવિ ખાંડાં ખખડાવવામાં કદીય પાછા પડ્યા નથી. પોતે એનો નિખાલસતાથી સ્વીકાર પણ કરતા અને કહેતા કે પોતે તો પોતાનાં નક્કી કરેલાં ધોરણો પ્રમાણે જીવવા માટે કોઈની પણ સાથે સંઘર્ષ કરવામાં સહેજે પાછી પાની કરશે નહીં.

પોતાની આ ખુદ્દારીનો સ્વીકાર કરતાં કવિ પોતે જ કહે છે, ‘પિતા સાથે લડ્યો છું, ભાઈઓ સાથે લડ્યો છું, બહેનો સાથે લડ્યો છું, સરકાર સાથે લડ્યો છું, સરકારી

અમલદારો સાથે લડ્યો છું, અસહકાર સાથે અસહકાર કીધો છે, સાક્ષરો સાથે લડ્યો છું, સાહિત્ય પરિષદ સાથેનો મ્હારો અઢાર વર્ષોનો અસહકાર તો ગુજરાતવિદિત છે.' અને એ અસહકાર તો એવો કે ઉત્તમ સાહિત્યસર્જન માટેનું ગલિયારા પારિતોષિક એમને સાહિત્ય પરિષદ દ્વારા મળતું હતું, તેટલા માટે જ કવિએ એ સ્વીકારવાનો ઇન્કાર કર્યો હતો.

જ્યાં ક્યાંક આડંબર જોતા કે અવજ્ઞા જોતા, તો કવિ એને સહી લેવાને બદલે એના સામે પ્રચંડ આક્રોશ પ્રગટ કરતા. એમણે પોતાની વાત જણાવતાં કહ્યું છે, 'ઢોંગદર્શને અંગોઅંગમાંથી ફૂલખરણીઓની પેઠે મ્હને અગ્નિના તણખા વછૂટે છે.'

પોતાના ગૌરવ અને સ્વાતંત્ર્યની રક્ષા માટે એ ગમે તેટલી આકરી કિંમત ચૂકવવા તૈયાર હતા. મુંબઈ, અમદાવાદ જેવાં શહેરોમાં કવિના વનપ્રવેશ નિમિત્તે મહોત્સવો થયા, ત્યારે રાજકોટમાં પણ આનું આયોજન કરવાનું શ્રી પ્રાણજીવન વાલજી જોષીએ સ્વીકાર્યું. એમને માટે સમારંભનું આયોજન સરળ હતું. માત્ર ચિંતા એક હતી કે કવિ મહાત્મા ગાંધીજી અને એમના સાથીઓ વિશે એમનો પ્રચંડ પુણ્યપ્રકોપ એમના ભાષણમાં ન ઠાલવે તો સારું. પ્રાણજીવન જોષી કવિ પાસે ગયા અને એમને વિનંતી કરી કે 'આપનું ભાષણ વખતસર આવી જાય તો છાપવા આપી દઈએ.'

કવિએ કહ્યું, 'હું મોકલી આપીશ - સમયસર.'

પ્રાણજીવન જોષીએ જરા દબાતે અવાજે કહ્યું, 'પણ મારી એક વિનંતી છે. આપના ભાષણમાં ગાંધીજી માટે....'

હજી પ્રાણજીવન વાક્ય પૂરું કરે, તે પહેલાં અધવચ્ચે જ કવિ ન્હાનાલાલની સિંહગર્જના સંભળાઈ અને એમણે સ્પષ્ટ રીતે કહ્યું, 'મારું ભાષણ મેં હજી લખ્યું નથી. એમાં શું કહેવું અને શું ન કહેવું, એ વિશે મેં હજી વિચાર પણ કર્યો નથી. પણ તમે મને કહેવા આવ્યા છો કે ગાંધી વિશે બોલતા નહીં, તો જાઓ. હું કહું છું કે હું બોલીશ. મારે શું બોલવું અને શું ન બોલવું, એ કહેનાર તમે કોણ ?'

આનું પરિણામ એ આવ્યું કે રાજકોટમાં કવિશ્રીનો સન્માનસમારંભ થતો અટકી ગયો.

કવિએ જીવનભર સંઘર્ષો ખેડ્યા. એ સમયે મહાત્મા ગાંધીજી અને એમના સાથીઓ સામેના સંઘર્ષ અંગે કવિના અંતરમાં આંટ પડી ગઈ હતી. પરંતુ એ કડવાશનું ઝેર એમણે ગળાની નીચે ઊતરવા દીધું નહીં. એમની કવિતામાં એ ક્યાંય પ્રગટ થયા નહીં. આટલા આઘાતો અને પ્રત્યાઘાતો વચ્ચે સતત ઝઝૂમનાર ન્હાનાલાલે એમનાં સાહિત્યસર્જનોમાં ઉલ્લાસ અને આનંદનો, સ્નેહ અને આશાનો, ખીલેલી વસંત અને મ્હોરેલી પ્રભુભક્તિનો પદે પદે આલેખ આપ્યો છે. આ છે સ્વાધીન કવિની ગરિમા !

આ કવિની સર્ગશક્તિનાં વસંતોત્સવની સાથે એમનાં જીવનનાં સ્મરણો પણ કેવાં મધુરાં છે ! કવિએ ઉદાત્તતા અને ફકીરીની ખુમારી સાથે જીવનમાં અનેક લીલીસૂકીનો અનુભવ કર્યો. અનુભવોની આકરી તાવણીમાંથી પસાર થતા રહીને એમણે ગુજરાતી સાહિત્ય અને સમાજની અનુપમ સેવા બજાવી. સમગ્ર ગુજરાત એમણે સર્જેલી સાહિત્યની રસસૃષ્ટિમાં તરબોળ બની ગયું. પ્રજાએ એમને 'કવિસમ્રાટ' કે 'મહાકવિ'નું બિરુદ આપ્યું. ગુજરાતી કવિતા જીવશે ત્યાં લગી ન્હાનાલાલ જીવશે !

**– કુમારપાળ દેસાઈ**

# કેટલી ગરમી સહન થાય ?

આપણે જાણીએ છીએ કે વર્ષોવર્ષ પૃથ્વીનું સરેરાશ તાપમાન વધતું જાય છે – પછી ભલે તેની માત્રા અતિ સૂક્ષ્મ હોય. અબજો વર્ષોની આપણી અવનિને ખોળે જીવસૃષ્ટિ પાંગરી છે તેનું શ્રેય જાય છે પૃથ્વીના વાતાવરણને - પૃથ્વીના ઉષ્ણતામાનને. જોકે શરૂઆતથી જ આજના જેવું વાતાવરણ ન હતું અને ત્યારે જીવસૃષ્ટિ પણ આજના જેવી ન હતી. વાતાવરણ જો બદલાય તો જીવસૃષ્ટિ પણ બદલાય એટલે માનવજાતનું અસ્તિત્વ જોખમાય. માનસિક ઉત્ક્રાંતિને પગલે માનવી પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા; આજનું વાતાવરણ ટકાવી રાખવાની મથામણમાં પડ્યો છે. વાતાવરણ એ કોઈ રાજ્ય કે પ્રદેશનો હિસ્સો નથી, પણ તે વૈશ્વિક છે. એક દેશના પ્રદૂષિત વાતાવરણની અસર બીજા દેશમાં થઈ શકે છે.

કેટલીક કુદરતી ઘટનાઓ અને પ્રક્રિયાઓને લીધે વાતાવરણ મંદ ગતિએ પ્રદૂષિત થાય છે. કુદરતે ફેલાવેલું વાતાવરણનું પ્રદૂષણ કુદરત જ દૂર કરે છે. જાણે કુદરત સાથે હોડ હોય તેમ માનવી ઘણી ઝડપથી વાતાવરણ બગાડી રહ્યો છે. માનવી જે પ્રવૃત્તિઓથી વાતાવરણ પ્રદૂષિત કરી રહ્યો છે તેનાથી આપણે સૌ વાકેફ છીએ માટે તેની વિગતમાં ઊતરતા નથી. કાર્બનડાયૉક્સાઇડ, સલ્ફર ડાયૉક્સાઇડ, એમોનિયા, ઈથેન, મિથેન, નાઇટ્રસ ઑક્સાઇડ જેવા ગ્રીનહાઉસ વાયુઓ વાતાવરણમાં છે. પોતપોતાની જગ્યાએ ખૂબ જ ઉપયોગી આ બધા જ વાયુઓનું પ્રમાણ વાતાવરણમાં નહિવત્ છે, છતાં પણ જો તેમની માત્રા વધી જાય તો વાતાવરણ દૂષિત થાય છે. ઉદાહરણ જોઈએ તો : ‘જીવ-સૃષ્ટિ માટે જળ એ જ જીવન છે’, પણ વાતાવરણમાં જો જળ-બાષ્પની માત્રા વધી જાય તો તે ગ્રીનહાઉસ વાયુની ગરજ સારે છે. ભેજનું પ્રમાણ વધી જવાથી ગરમી લાગવા માંડે છે, જેને આપણે ‘બફારો’ કહીએ છીએ. કાર્બન અને કાર્બનડાયૉક્સાઇડ જીવસૃષ્ટિનું ઘટક છે. વનસ્પતિ અને પ્રાણીજગત કાર્બનનાં સંયોજનો પર અવલંબે છે. પણ જો વાતાવરણમાં કાર્બનડાયૉક્સાઇડનું પ્રમાણ ઓછું થઈ જાય તો હિમયુગ આવી જાય અને જો તેનું પ્રમાણ વધી જાય તો પૃથ્વીનું તાપમાન પણ વધી જાય. તાપમાન વધી જતાં પર્વતો પરનો બરફ અને ધ્રુવ પ્રદેશોના હિમખંડો પીગળી જાય - જળબંબાકાર થઈ જાય. નદીઓનું પાણી, વરસાદ જેવી પ્રાકૃતિક ઘટનાઓ અસ્તવ્યસ્ત થઈ જવાની સંભાવના રહે. આ અસર ગ્લોબલ વૉર્મિંગ તરીકે ઓળખાય છે જેને આપણે અનુભવી રહ્યા છીએ. પૃથ્વીના પેટાળમાંથી ઉદ્ભવેલા ગ્રીનહાઉસ વાયુઓનો એક સામાન્ય ગુણધર્મ છે કે તે સૂર્યની ગરમીને શોષે છે પણ ઝડપથી છોડી શકતા નથી. આમ ગ્રીનહાઉસ વાયુઓ ગરમીનો ભંડાર બની જાય છે. અધૂરામાં પૂરું સૂરજ પણ ખૂબ જ ક્રિયાશીલ થઈ ગયો છે જેને લીધે પૃથ્વીના તાપમાનમાં વધારો થાય છે. તાપમાનમાં વધારો કરી રહેલા સૂર્ય પર તો આપણું કોઈ નિયંત્રણ નથી, પણ ધરતી પર ઉષ્ણતામાનમાં વધારો કરતા માનવસર્જિત પ્રદૂષણને તો આપણે જરૂર નાથી શકીએ ને !

ઍરકંડિશનર, રેફ્રિજરેટર, ડિઓડરન્ટ, ફોમના ગાદી-તકિયા વગેરે વર્તમાન જીવનશૈલીનો ભાગ બની ગયા છે. તેના ઉત્પાદન વખતે ફ્લોરોકાર્બન વાયુનું ઉત્સર્જન થાય છે. આ વાયુ હલકો હોઈ ખૂબ ઝડપથી ઊર્ધ્વગતિ કરે છે. ધરતીથી વીસથી ત્રીસ કિલોમીટરની ઊંચાઈએ ઓઝોન વાયુનું કવચ છે.



**ઈરાનનું રૂપ્પેલ્લ વરુ**

ઑક્સિજન તત્ત્વના ત્રણ પરમાણુઓના મિલનથી ઓઝોનનો અણુ બને છે, જ્યારે ઑક્સિજન વાયુના અણુમાં ઑક્સિજન તત્ત્વના બે પરમાણુ હોય છે. ઓઝોન કવચ સૂર્ય તરફથી આવતાં શક્તિશાળી પારજાંબલી (અલ્ટ્રાવાયોલેટ) અને ગામા કિરણોને શોષી લે છે. ઓઝોન કવચમાં પણ ઓઝોનની માત્રા તો એક લાખમા ભાગ જેટલી જ હોય છે. ફ્લોરોકાર્બન વાયુ ઓઝોન સાથે સરળતાથી પ્રતિક્રિયા કરી તેને વિઘટિત કરે છે. ઓઝોનના ત્રણેય પરમાણુઓ છૂટા પડી જાય છે જે ઓઝોનના ગુણધર્મો ધરાવતા નથી. આ રીતે ઓઝોન કવચમાં ગાબડું પડે છે - જ્યાંથી પારજાંબલી અને ગામા કિરણો ધરતી પર આક્રમણ કરે છે. આક્રમણને લીધે વાયુમંડળનું તાપમાન તો વધે જ છે; સાથે સાથે ત્વચા કૅન્સર જેવા મહારોગો પણ વરસી પડે છે. વાયુમંડળમાં કાર્બનચક્ર, જળચક્ર અને નાઇટ્રોજનચક્ર છે. વાતાવરણીય પ્રદૂષણથી - ગ્લોબલ વૉર્મિંગથી આ બધાં જ ચક્રો છિન્નભિન્ન થઈ જાય છે. નાઇટ્રોજનચક્રમાં એમોનિયા વાયુ અગત્યનો હિસ્સો છે. તે પ્રોટીનનું એક ઘટક પણ છે અને એ રીતે તે ઉપયોગી છે; પરંતુ ગરમી શોષણનો ગ્રીન-હાઉસ વાયુનો ગુણધર્મ પણ તે ધરાવે છે.

જુદી જુદી ભૌગોલિક સ્થિતિને લીધે વિશ્વનાં વિવિધ સ્થળો પર નોખું નોખું તાપમાન હોય છે. નૅશનલ જ્યોગ્રોફિક મુજબ ધરતી પર સૌથી વધુ તાપમાન ઈરાનના ‘લુત’ મીઠાના રણમાં નોંધાયું છે અને તે હતું ૭૦.૭ ડિસે. આપણા દેશમાં રાજસ્થાનના જોધપુર જિલ્લાના ફલોડી ગામમાં ૫૧ ડિસે. તાપમાન નોંધાયું છે. ગુજરાતમાં મહત્તમ તાપમાન સાબરકાંઠાના ઈડરમાં મે, ૨૦૧૦ દરમિયાન ૪૮.૫ ડિસે. નોંધાયું હતું. દર વર્ષે ઉનાળામાં લૂ લાગવાથી સેંકડો માણસો અને અન્ય જીવો મરી જાય છે. હા, ઈરાનનું રૂપ્પેલ્લ (Ruppell) વરુ સૌથી વધુ તાપમાન સહન કરી શકતું સસ્તન પ્રાણી છે. તો પછી આ કાળા માથાનો માનવી કેટલી બાહ્ય ગરમી સહન કરી શકે?

આ પ્રશ્નનો સીધો જવાબ મુશ્કેલ છે. તાપમાન અને ભેજ બંને સંયુક્ત રીતે આપણને અસર કરે છે. લગભગ એંસી ટકા પાણીથી ભરેલું આપણું શરીર સતત પરસેવો કાઢે છે, જેના બાષ્પીભવનથી શરીરનું બાહ્ય તાપમાન નિયંત્રણમાં રહે છે. જો વાતાવરણમાં ભેજ વધારે હોય, પરસેવાનું બાષ્પીભવન ન થાય અથવા ખૂબ ઓછું થાય અને આપણને ગરમી વધુ લાગે તો તાપમાનની અસર વધુ થાય. ઉદાહરણ તરીકે બાષ્પ સ્નાન (સોના બાથ) કરતી વખતે તાપમાન ૯૩ ડિસે. સુધી પહોંચી જાય છે છતાં આહ્લાદક લાગે છે - સહ્ય રહે છે. જોકે લાંબા સમયે શરીરનું પૂર્ણ નિર્જળીકરણ થઈ

જાય છે જે પ્રાણઘાતક નીવડે છે. ૧૦૦ ડિસે. તાપમાને પાણી ઊકળવા લાગે છે પણ આ સમયે ભેજ દશ ટકા જેટલો જ હોવાથી આ તાપમાન સહ્ય બને છે. હવે જો વાતાવરણમાં ભેજનું પ્રમાણ નેવું ટકા હોય તો ૪૩ ડિસે. તાપમાનમાં પણ ટકી રહેવું મુશ્કેલ બની જાય છે. રૂડા પ્રતાપ નિસર્ગના કે આપણે ત્યાં તાપમાન જ્યારે ચાળીસ - બેતાળીસ ડિસે. વળોટે છે ત્યારે ભેજનું પ્રમાણ વીસ ટકાની આસપાસ રહે છે.

આપણને જે તાપમાન અભિપ્રેત છે તે ખુલ્લા મેદાનમાં છાયામાં માપેલું તાપમાન છે. તડકામાં તાપમાન તેનાથી વધારે જ હોય અને પાછું સવારે અને બપોરે આ તફાવતમાં પણ ફેરફાર હોય. પહેરેલાં કપડાં અને તેનો પ્રકાર પણ શરીરને અસર કરતા બાહ્ય તાપમાનનું નિયંત્રણ કરે છે. આમ આ પ્રશ્નનો સીધો ને સટ જવાબ મુશ્કેલ છે. હા, એપ્રિલ-મે મહિનાઓ પૂરા થતાં લાગશે કે હાશ ગરમીથી થોડી રાહત થઈ. ત્યાં તો જૂન મહિનાના ભેજવાળા દિવસો આવી લાગશે. પરસેવાથી અકળાતા સૌને એમ લાગે કે આના કરતાં તો એપ્રિલ-મેની ગરમી વધારે સારી. આપણો અનુભવ છે કે ચોમાસામાં શિયાળા કરતાં વધુ તાપમાન હોય તોપણ કપડાં જલદી સુકાતાં નથી. ખેર! આગામી ગરમીના દિવસોને મોગરાની સુવાસ, કેરીની મીઠાશ અને કોયલના ગાનથી ઊજવીએ; અલબત્ત - વધુ પાણી પીને સ્તો!

**– ચિંતન ભટ્ટ**

## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક ‘વિશ્વવિહાર’માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. આપને ઘણા લાંબા સમયથી ‘વિશ્વવિહાર’ મોકલવામાં આવે છે. આપનું લવાજમ પૂરું થઈ ગયું હોય તોપણ કદાચ આપને ‘વિશ્વવિહાર’ મળતું હશે. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમતગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે ‘વિશ્વવિહાર’માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. આથી કદાચ તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

‘વિશ્વવિહાર’નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

### બૅંકની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481

Bank Name : Bank Of Baroda, Usmanpura Branch

IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

# પ્રકૃતિના તાલે નૃત્ય



સંકલ્પ શર્મા

એમ કહેવાય છે કે કોઈ પણ કલા પ્રકૃતિનું પ્રતિનિધિત્વ કરે છે. કલા અને પ્રકૃતિ પરસ્પરનાં પૂરક અને પ્રેરક છે. આની પ્રતીતિ સંકલ્પ શર્માના વિન્યાસા ડાન્સ આશ્રમને જોવાથી થાય છે. સંકલ્પ શર્મા જયપુરમાં રહે છે, પરંતુ તેઓ વારંવાર જયપુર પાસે આવેલા પોતાના ગામમાં રજાઓ ગાળવા જાય છે. તેમનાં માતા-પિતા ખેતી કરે છે અને ત્યાં જ રહે છે. નાનપણથી જ સંકલ્પનો કુદરત સાથે અનુબંધ રહ્યો. દસમા ધોરણની પરીક્ષા આપ્યા પછી વિજ્ઞાનશાખાની પસંદગી કરી, કારણ કે એન્જિનિયર બનવાનું તેનું સ્વપ્ન હતું. નૃત્યના શોખીન એવા સંકલ્પે જોયું કે વિજ્ઞાનશાખામાં એટલો બધો અભ્યાસ કરવો પડતો કે નૃત્ય માટે જરૂરી સમય ફાળવી શકતો નહીં. સ્કૂલમાં પણ એવું હતું કે વિજ્ઞાનનો વિદ્યાર્થી સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ ન લઈ શકે. જ્યાં સુધી ડાન્સ કરવા મળતો હતો ત્યાં સુધી એને ખ્યાલ ન આવ્યો, પણ ડાન્સ કરવાનું છૂટી જતાં એને અહેસાસ થવા લાગ્યો કે ડાન્સ વિના તો કેવી રીતે ચાલે ?

બારમા ધોરણની પરીક્ષા આપ્યા પછી મુંબઈની ડાન્સ સ્કૂલમાં પ્રવેશ મેળવ્યો અને દોઢ વર્ષનો ડિપ્લોમા કોર્સ કર્યો. એ બૅલે અને જાઝ જેવાં અનેક પ્રકારનાં નૃત્ય શીખ્યો. દોઢ વર્ષનો ડિપ્લોમા કોર્સ પૂરો કરીને આધુનિક નૃત્ય શીખવા માટે ન્યૂયૉર્ક ગયો. અહીં આગળ અભ્યાસ કરીને ઘણી જગ્યાએ કાર્યક્રમો આપ્યા. ૨૦૨૦માં સંકલ્પ શર્મા થોડા સમય માટે ભારત આવ્યો, ત્યારે એણે વિચાર્યું હતું કે થોડો સમય ભારતની સફરે જઈ આવું અને પછી ન્યૂયૉર્ક પાછો ફરીશ, પરંતુ કોરોના મહામારીને કારણે લાંબા સમય સુધી ભારતમાં જ રહેવું પડ્યું. શરૂઆતમાં તો ન્યૂયૉર્ક જવા ન મળ્યું, તેની પારાવાર અકળામણ થઈ. મન પર ઉદાસી છવાઈ ગઈ અને ભારતમાં ફસાઈ ગયાની લાગણી થઈ, પરંતુ એક દિવસ એના એક શિક્ષકે કહેલી વાત યાદ આવી કે સારા નૃત્યકાર બનવા માટે સૌથી પહેલાં તમે તમારી જાત સાથે જોડાઓ. તેમાંથી સંકલ્પને ભારતમાં પોતાની ડાન્સ સ્કૂલનો પ્રારંભ કરવાનો વિચાર આવ્યો અને જયપુરથી ત્રીસ કિમી. દૂર મહેશ્વાસ ગામમાં 'વિન્યાસા ડાન્સ આશ્રમ'ની સ્થાપના કરી. શહેરના કોઈ બિલ્ડિંગ કરતાં કુદરતના સાંનિધ્યમાં ડાન્સ સ્કૂલ શરૂ કરવાનું વિચાર્યું અને તે પણ ઈકો-ફ્રેન્ડલી બિલ્ડિંગમાં. એનું કારણ આપતાં સંકલ્પ

કહે છે, ‘જ્યારે હું ન્યૂયૉર્કમાં ડાન્સ શીખતો હતો, ત્યારે મેં જોયું કે બધા લોકો સતત દોડતા રહેતા. અહીં ઘણી સુખસગવડો છે, પરંતુ કશું કુદરતી નથી. તેથી હું ઇચ્છતો હતો કે વ્યક્તિ પોતાનું કુદરતી જીવન જીવે અને તેમ કરીને અન્ય લોકોને પ્રેરિત કરે.’

આ સમય દરમિયાન જયપુરના આર્કિટેક્ટ ચિન્મય પરીખને મળ્યા કે જે ઇકો-ફ્રેન્ડલી બાંધકામ સાથે સંકળાયેલા હતા. ૨૦૨૧માં ચિન્મય પરીખની મદદથી પોતાના ગામમાં બે વીઘા જમીનમાં વિન્યાસા ડાન્સ આશ્રમની શરૂઆત કરી. સમગ્ર આશ્રમમાં માટી, ચૂનો અને વાંસનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું. સાત કૉટેજ બાંધ્યાં અને દરેક કૉટેજનું છાપરું લીલા ઘાસનું રાખ્યું, એવા ઘાસનું કે તે એમાં ઊગે. વચ્ચે એક નાનકડું તળાવ બનાવ્યું, જેમાં વરસાદી પાણીનો સંગ્રહ કરી શકાય. સાથે સાથે એમ્ફી થિયેટર, રિસેપ્શન કાઉન્ટર અને ઑફિસ બનાવી. એક સાથે સાઠ વિદ્યાર્થીઓ રહી શકે એવી ડૉરમેટ્રી પણ અહીં સામેલ કરી. વિન્યાસાની નવાઈ લાગે એવી વાત એ છે કે ડાન્સ સ્ટુડિયોમાં કોઈ દીવાલ નથી. બે હજાર સ્ક્વૅર ફૂટના આ સ્ટુડિયોમાં લાકડાનું ફ્લૉરિંગ છે અને છત બામ્બુની બનાવી છે. સામાન્ય રીતે ડાન્સ સ્ટુડિયોમાં દીવાલ પર અરીસા હોય છે, જેથી નૃત્ય કરતી વખતે નૃત્યકાર પોતાના હાવભાવ જોઈ શકે, પરંતુ સંકલ્પ શર્માએ અરીસા નથી રાખ્યા. તેઓ માને છે કે શરીરના આ હાવભાવને અરીસા દ્વારા નહીં, પણ પોતાના મન દ્વારા જોવાના છે. દીવાલો ન હોવાને કારણે કુદરતી અવાજ સાથે જ નૃત્યની સંવાદિતા સાધી શકાય છે. વરસાદની ઋતુમાં વિદ્યાર્થીઓએ વરસાદના અવાજ સાથે જ નૃત્ય કર્યું અને દરેકનો એ સમયનો અનુભવ વિશિષ્ટ રહ્યો.

સંકલ્પ શર્મા પોતાના જીવનમાં અને વિન્યાસા ડાન્સ આશ્રમમાં પ્લાસ્ટિકનો ઓછામાં ઓછો ઉપયોગ કરે છે. તેમણે ૨૦૨૧માં પ્લાસ્ટિક-ફ્રી જયપુરનું અભિયાન ચલાવ્યું હતું. પ્લાસ્ટિક પર સંપૂર્ણ પ્રતિબંધ લાવવાનું મુશ્કેલ છે, કારણ કે સમગ્ર ભારતમાંથી અને ભારત બહારથી આવનારા પ્રવાસીઓ અહીં આવે છે. એ બધા લોકો કોઈ ને કોઈ સ્વરૂપે પ્લાસ્ટિક અહીં લાવે છે, પરંતુ એ પ્લાસ્ટિકને સંકલ્પ શર્મા જમીનમાં કે આશ્રમમાંથી બહાર જવા દેતા નથી. એમાંથી તેઓ બેઠક માટે ખુરશીઓ બનાવે છે, જે એવી ટકાઉ હોય છે, કે વર્ષો સુધી ચાલે. વળી વધારાના પ્લાસ્ટિકમાંથી ઇકો-બ્રિક્સ બનાવે છે. આમ જે પ્લાસ્ટિક અહીં આવે છે, તેને બહાર જવા દેતા નથી. અત્યારે વિન્યાસા ડાન્સ આશ્રમમાં પાંચ શિક્ષક છે. સંકલ્પ સહિતના ત્રણ શિક્ષક સાંપ્રત ડાન્સ શીખવે છે, જ્યારે એક શિક્ષક લૅટિન ડાન્સ શીખવે છે અને એક શિક્ષક સ્કલ્પચર શીખવે છે. આજે ભારતમાંથી અને પરદેશથી ઘણા વિદ્યાર્થીઓ નૃત્ય શીખવા આવે છે અને તેની સાથે સાથે પર્યાવરણના પાઠ પણ જાણી લે છે.

**– પ્રીતિ શાહ**

# હું, ફિલ્મો અને દેવ આનંદ

ઈ. સ. ૧૯૭૦-’૭૧માં હું અલીઆબાડાના દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં બી.એડ્.નો અભ્યાસ કરી રહ્યો હતો એ વખતની વાત છે. રવિવારની એક સવારે અમારા છાત્રાલયના વિદ્યાર્થીઓમાં એક ગીત કઈ ફિલ્મનું છે એ અંગે ઉગ્ર ચર્ચા ચાલી રહી હતી. એ લોકો એટલે મોટેથી ચર્ચા કરી રહ્યા હતા કે બાજુના રૂમમાં મને બધું સંભળાતું હતું. હું ઊઠીને એ રૂમમાં ગયો. ચર્ચા એકદમ થંભી ગઈ. ગાંધીવિચારસરણીને વરેલા શિક્ષણમહાવિદ્યાલયનું છાત્રાલય હતું; બી.એડ્.ના અન્ય વિદ્યાર્થીઓ કરતાં હું ઉંમરમાં મોટો હતો એટલે એ લોકો મને મુરબ્બી માનતા હતા; આગલે દિવસે જ એ લોકોએ સ્વામી વિવેકાનંદ વિશેનું મારું વ્યાખ્યાન સાંભળ્યું હતું, તેથી તેઓની ફિલ્મની ચર્ચા હું સાંભળી ગયો એ અંગે સ્વાભાવિક જ તેઓને સંકોચ થયો હશે. મેં કહ્યું, ‘તમે લોકો કહો છો એમાંની એકેય ફિલ્મનું એ ગીત નથી; એ ગીત ફિલ્મ‘નૌ દો ગ્યારહ’નું છે. ગીત સાહિર લધિયાનવીનું છે; સંગીત એસ. ડી. બર્મનનું છે, અને આશા ભોસલે તથા કિશોરકુમારે એ ગીત ગાયું છે તથા દેવ આનંદ અને કલ્પના કાર્તિક પર એનું ચિત્રીકરણ કરવામાં આવ્યું છે.’ આ પછી ફિલ્મોના મારા બેહદ શોખ વિશે – એમાંય દેવ આનંદની ફિલ્મો અંગેના મારા ક્રેઝ વિશે, દેવ આનંદ મારા સૌથી પ્રિય હીરો હોવા વિશે મેં સવિસ્તર બયાન કર્યું ત્યારે મારી વાત સાંભળી કોઈ બેભાન થઈ ન ગયું એટલું ગનીમત – બાકી સૌ દિગ્મૂઢ તો થઈ જ ગયા. વિવેકાનંદથી દેવ આનંદ સુધીની મારા જ્ઞાનની રેન્જથી એ સૌ સ્તબ્ધ થઈ ગયા અહોભાવથી નહિ આઘાતથી; ઊલટું, સ્વામી વિવેકાનંદ વિશેના મારા વક્તવ્યથી મારા વિશે એ લોકોનાં મનમાં જે અહોભાવ જન્મ્યો હતો એમાં એકદમ ઓટ આવી ગઈ !

ફિલ્મોનો ચસકો મને બહુ નાની ઉંમરથી લાગેલો. મારા વતન સાવરકુંડલાની એ વખતની એકમાત્ર ટૉકીઝના માલિકનો પુત્ર નવીન, મૅનેજરનો પુત્ર બકુલ મારા મિત્રો. બકુલ અને હું તો રહીએ પણ પાસેપાસે. શરૂઆતમાં નવીન અને બકુલ બંનેના – અને પછી નવીન સાવરકુંડલા છોડીને ગયો તે પછી છત્રીસ વરસની ઉંમરે મેં સાવરકુંડલા છોડ્યું ત્યાં સુધી – બકુલના સૌજન્યથી મફતમાં ખૂબ ફિલ્મો જોઈ. ફિલ્મો જોવાનો આનંદ તો ખરો જ, પણ એથી અદકો આનંદ મફત ફિલ્મો જોવાનો પણ હતો. અમદાવાદમાં આવ્યા પછી શરૂશરૂમાં પૈસા ખર્ચીને ફિલ્મો જોવાનું ઘણું આકરું લાગતું.

નાની ઉંમરમાં નાદિયા-જૉન કાવસની ઘણી ફિલ્મો જોયેલી. વાંકડિયા રૂપેરી બૉબ્ડ કટ વાળવાળી, આંખે કાળી પટ્ટીનો બુરખો પહેરતી, ઘોડેસવારી કરતી, ચાબુક વીંઝતી,

તલવારની પટ્ટાબાજી ખેલતી, પિસ્તોલથી ગોળીઓની રમઝટ બોલાવતી, દોડતી ટ્રેનના છાપરા પર ગુંડાઓ જોડે મારામારી કરતી ફિયરલેસ નાદિયા જેવી બીજી ઍક્શન હીરોઈન ફરી ક્યારેય રૂપેરી પડદા પર દેખાઈ નથી. જૉન કાવસ પહેલવાન જેવા દેખાતા. અમિતાભ બચ્ચન કે ધર્મેન્દ્રની જેમ એકલે હાથે અનેક ગુંડાઓને માત કરતા. જૉન કાવસની આ વીરતા મને ઘણી ગમતી, પણ રૂપાળી નાદિયા રુક્ષ દેખાતા જૉન કાવસના પ્રેમમાં પડતી એ મને બિલકુલ ગમતું નહિ. હોમી વાડિયાની ફિલ્મોમાં નાદિયા-જૉન કાવસની સાથે સરદાર મનસૂર નામનો સોહામણો અભિનેતા ઉપનાયકની ભૂમિકામાં આવતો. નાદિયા અને સરદાર મનસૂરની જુગતે જોડી થાય એમ મારા બાલમાનસને સતત લાગ્યા કરતું, પણ ન તો આટલી સાદી વાત નાદિયા સમજતી ન તો દિગ્દર્શક હોમી વાડિયા સમજતા. એટલે ફિલ્મો જોયા પછી ઘેર આવી મારા કલ્પનાજગતમાં આ ફિલ્મોની પટકથામાં હું મોટા ફેરફાર કરતો. નાદિયાને સોહામણા સરદાર મનસૂરના પ્રેમમાં પાડતો અને જૉન કાવસના કાંડે નાદિયા રાખડી બાંધતી હોય એવું મૌલિક દૃશ્ય ફિલ્મની પટકથામાં હું ઉમેરતો અને એમ કરીને જૉન કાવસને પ્રેમીને બદલે ભાઈ બનાવીને, નાદિયાની રક્ષા કરવાની જવાબદારી એને માથે નાખતો. આઠ-નવ વરસની ઉંમરે ફિલ્મોની પટકથાઓ લખી હોય એવું બીજું દૃષ્ટાંત જડવાનો સંભવ બહુ ઓછો છે. પણ આ પટકથા મારા મનોજગતમાં જ રચાતી ને ત્યાંથી જ વિલીન થતી. એટલે એનો લેખિત પુરાવો મારી પાસે ન હોવાના કારણે સૌથી નાની ઉંમરના પટકથાલેખક તરીકે ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડમાં મારું નામ ન આવી શક્યું.

વીસેક વરસની ઉંમરે સમજપૂર્વક ફિલ્મો જોવાનું શરૂ થયું ને શરૂઆતમાં જ 'સી.આઈ.ડી.' ફિલ્મ જોવામાં આવી અને પહેલી નજરે જ હું દેવ આનંદના પ્રેમમાં પડી ગયો. 'સી.આઈ.ડી.'માં ઊંચા સોહામણા ઝરકીન પહેરેલા દેવ આનંદ મસ્તીભરી ચાલથી શકીલાની પાછળ પાછળ જઈ રહ્યા છે. એક સ્ટ્રીટ સિંગર યુગલ 'લેકે પેહલા પેહલા પ્યાર, ભર કે આંખો મેં ખુમાર, જાદુનગરી સે આયા હૈ કોઈ જાદુગર...' વાળું ગીત ગાતું હોય છે, એ દૃશ્ય પહેલી વાર જોયું ત્યારથી મનમાં ચોંટી ગયું. ત્યાર પછી ઠીક ઠીક વખત સુધી દેવ આનંદની જેમ ચાલવાનો પ્રયત્ન કરેલો (અલબત્ત, કોઈની પાછળ પાછળ નહિ - એકલાં એકલાં. જોકે કોઈની પાછળ પાછળ ચાલવાની વૃત્તિ નહોતી એવું નહોતું, પણ એવી અને એટલી હિંમત નહોતી.) દેવ આનંદની જેમ ઊંચે જોઈને ટટ્ટાર ચાલવા જતાં એક વાર ખાડામાં પગ ઘૂસી ગયો અને ફ્રૅક્ચર થઈ ગયું પછી દેવ આનંદની જેમ ચાલવાનું આપણું કામ નહિ એમ સમજી ગયો અને મારી ઓરિજિનલ ચાલ ચાલવા માંડ્યો.

ઈ. સ. ૧૯૫૮ના અરસામાં મિત્રો સાથે માઉન્ટ આબુ જતાં બે-ત્રણ દિવસ અમદાવાદમાં રોકાવાનું થયું હતું. એ વખતે મિત્રો અમદાવાદમાં હર્યાફર્યા હતા, પણ મેં એ દિવસો દરમિયાન દેવ આનંદની અમદાવાદમાં ચાલતી બધી ફિલ્મો જોઈ પાડી હતી. અમદાવાદમાં દેવ આનંદની ફિલ્મો કરતાં વધુ સારું કંઈ જોવાનું હોઈ શકે એવું ત્યારે મને લાગ્યું નહોતું !

દેવ આનંદની ફિલ્મો જોવા ઉપરાંત દેવ આનંદ વિશે જે કંઈ વાંચવા મળે તે હું વાંચ્યા કરતો - હજુ વાંચું છું. મેં વાંચેલું કે દેવ આનંદ હોલિવુડના અભિનેતા ગ્રૅગરી પૅકની સ્ટાઇલમાં અભિનય કરે છે. મારા પ્રિય હીરો પર જેનો પ્રભાવ હોય એ અભિનેતા તો વળી કેવાય હશે એવા કુતૂહલથી ગ્રૅગરી પૅકની એકાદ ફિલ્મ પણ જોયેલી (કદાચ 'અ મિલિયન પાઉન્ડ નોટ'). પણ ગ્રૅગરી પૅકથી હું ખાસ પ્રભાવિત નહોતો થયો. ગ્રૅગરી પૅક હશે મહાન અભિનેતા, પણ દેવ આનંદ એટલે દેવ આનંદ! - એવું ત્યારે મને લાગેલું અને આજે પણ એમ જ લાગે છે!

દેવ આનંદ અને એક સમયનાં મહાન અભિનેત્રી તેમજ ગાયિકા સુરૈયા પરણવાનાં હતાં, પણ સુરૈયાનાં દાદીમાના વિરોધને કારણે પરણી ન શક્યાં એવું મેં જાણ્યું ત્યારે દેવ આનંદ અને સુરૈયાને લાગ્યો હશે એનાથી વધુ આઘાત મને લાગેલો. (એ લોકો તો કદાચ આ આઘાતમાંથી મુક્ત થઈ ગયાં હશે, પણ હું હજુ નથી થયો !) સુરૈયાનાં દાદીમા પર મને ખૂબ ગુસ્સો ચડેલો, પણ મારા ગુસ્સાનો કશો અર્થ નહોતો.

દેવ આનંદને કારણે મેં સુરૈયાની પણ દેવ આનંદ સાથેની અને દેવ આનંદ વગરની કેટલીક ફિલ્મો જોયેલી. દેવ આનંદ અને સુરૈયાની એકબીજાની પસંદગી માટે મને માન થયેલું. નાદિયા-જૉન કાવસને પડદા પરનાં પ્રેમીઓ તરીકે પણ મેં માન્ય નહોતાં કર્યાં, જ્યારે દેવ આનંદ અને સુરૈયાને ખરેખરાં પ્રેમીઓ તરીકે પણ મેં માન્ય રાખ્યાં હતાં, પરંતુ એ વખતે ઘણું મોડું થઈ ગયું હતું. દેવ આનંદ કલ્પના કાર્તિકને પરણી ચૂક્યા હતા. અલબત્ત, સુરૈયા આજીવન અપરિણીત રહ્યાં હતાં.

દેવ આનંદ જેવી ચાલ ચાલવા જતાં ફ્રૅક્ચર થવાના સંજોગો ઊભા થયા એટલે એ પ્રયોગ છોડી દીધો, પણ દેવ આનંદની જેમ વાળ ઓળવાના પ્રયોગો તો વાળ રહ્યા ત્યાં સુધી ચાલુ રાખ્યા હતા. મારો ચહેરો ઈર્ષાપાત્ર કદી હતો જ નહિ, હંમેશાં દયાપાત્ર જ રહ્યો છે. પણ મારા વાળની મારા મિત્રોને ખૂબ ઈર્ષા થતી.

દેવ આનંદ જેવો ફુગ્ગો પાડીને ઓળેલા મારા વાળને કારણે કોઈ છોકરી મારા પર મોહી પડશે ને કાગડો દહીંથરું લઈ ગયાનો ઘાટ થશે એવી મારા મિત્રોને બીક લાગતી, (કાશ! એમની બીક સાચી પડી હોત !) પણ હવે 'તે હિ નો દિવસા ગતા'.

અમે મિત્રો બાવીસ-પચીસના હતા ત્યારે દિલીપકુમાર, દેવ આનંદ અને રાજ કપૂર - એમ ત્રણ છાવણીમાં વહેંચાયેલા હતા. અલબત્ત, દેવ આનંદની છાવણીમાં હું એકલો હતો. પણ એ વખતે હું માનતો હતો કે બાવીસ-પચીસની ઉંમરે જેને દેવ આનંદ પ્રિય ન હોય એ યુવાન (કે યુવતી) યુવાન જ ન ગણાય!

દિલીપકુમાર અને રાજ કપૂરને ફિલ્મઉદ્યોગનો સૌથી વધુ પ્રતિષ્ઠિત દાદાસાહેબ ફાળકે ઍવૉર્ડ મળ્યો ત્યારથી દેવ આનંદને એ ઍવૉર્ડ મળે એની હું આતુરતાપૂર્વક રાહ જોતો હતો ને દેવ આનંદ એ ઍવૉર્ડથી વિભૂષિત થયા ત્યારે એમના કરતાંય કદાચ મને વધુ આનંદ થયો હતો!

**– રતિલાલ બોરીસાગર**

# કલાત્મક હુક્કા-દરબાર

કળાવ્યાસંગી વ્યક્તિ જ્યારે કળામાં ઊંડી ઊતરી જાય ત્યારે એને માટે કળા સાધન તરીકે નહિ, સાધ્ય તરીકે પેશ આવે. કળાપારખુના ઉરઝરણમાં કળાસૌંદર્યનાં રસઝરણ ભળી જાય ત્યારે રોજિંદી ફરજોના ક્રમવાળા ચોવીસ કલાક ઓછા પડે. અમદાવાદનું એક તબીબ દંપતી બહુદિશ-બહુકોણીય કળાક્ષેત્રે ગળાડૂબ રહે છે. ડૉ. નમિતાબહેન અને ડૉ. હિરેનભાઈ શાહ નવજાત શિશુઓ અને બાળકોના સ્વસ્થ જન્મ અને જીવનના શુભચિંતકો છે. નિજ ગૃહે સંગ્રહાલય સજાવી 'હાઉઝિયમ'ની નક્કર સંકલ્પના કરી, ચોવીસ કલાકને લવચીક બનાવી, ખેંચી, પચીસમા કલાકનો ઇલમ તેમણે ખોળી કાઢ્યો છે. વીજળીના ચમકારે મોતીડાં પરોવી તેઓ કળા સારુ સમય સેરવી જ લે છે !

સંગ્રહાલયની પરિકલ્પના જ એ છે કે અનેક પ્રકારની કલાકૃતિઓ ત્યાં માણવા મળે. અહીં વિશ્વસ્તરનું તાળાનું સૌથી મોટું સંગ્રહસ્થાન છે, તો ગાણિતિક 'પઝલ્સ' ને તેઓ 'હમ ઉલઝી સુલઝાયે...' કહી ચપટી વગાડતાંમાં જ ઉકેલી દે છે. આ 'અનપઝલ્ડ' દંપતી ખૂબ સરળતાથી એમના કળાસંગ્રહ વિશે સ-રસ વાત કરે છે, જેમાંથી હુક્કાના વિભાગને જો ધમરોળી નાખીએ તો વ્યસનના પેલા નકારાત્મક તત્ત્વને ક્યાંય દૂર હડસેલી મૂકે એવી કલાત્મક હુક્કાઓની અજબગજબની દુનિયાને ઝીણવટભરી દૃષ્ટિથી માણવા માટેની ગુરુચાવી હાથ લાગી જાય. હા, ફરીથી યાદ કરીએ. વાત વ્યસનની નહિ - હુક્કાના દેહનાં કલાપાસાંની છે. પ્રસ્તુત સંકુલમાં ઝળહળતી અન્ય અનેક અલભ્ય કૃતિઓ જેટલાં જ એનાં માન-પાન-શાન છે. વિવિધ કલાકૃતિઓમાંથી જાણે કે સંગીતના સુરીલા ઝીણા સ્વરો સ્વયંભૂ નિષ્પન્ન થઈ મનમાં ગુંજન કરે ! એ જ રીતે હુક્કાની વૈવિધ્યપૂર્ણ ગોઠવણી રસિકોને મનોવિહાર કરાવે ત્યારે દર્દ સૌંદર્યને ઉજાગર કરતી ફિલ્મ 'સાહિબ, બીબી ઔર ગુલામ'માં જામેલી હુક્કાની મહેફિલ અચૂક યાદ આવી જાય. નવાબી ઠાઠવાળા હુક્કા અને એવા જ રસિકો કહે કે, 'અરે ! કોઈ હુક્કા તો ભર દો !' ક્યાંક અનબન થઈ જાય અને 'હુક્કા-પાણી' બંધ થઈ જાય. વળી, 'દાદી અમ્મા...માન જાવ...'વાળા ગીતમાં બાળકો 'કહો તો તુમ્હારે લિયે હુક્કા ભર દેં' કહી બાને લાડ કરે !



બનારસનાં હુસ્ના જાન નામનાં પ્રભાવી નૃત્યકસબી ગુલાબજળમાં સ્નાન કરતાં અને રજવાડી હુક્કો પીતાં. અલબત્ત, હુક્કા

ગગડાવવાનો ઇતિહાસ ભૂલી જઈએ, પણ મજલિસો દ્વારા અમર થઈ ગયેલા હવે એકલવાયા હુક્કાઓનું શું ? એને તો એક કલાકૃતિ તરીકે જ સન્માનીએ. સદીઓ પૂર્વે રોમન કૅથલિક લોકો એને અઢારમી સદીમાં ભારત લાવેલા. પર્શિયાની સફાવિદ ડાયનૅસ્ટીમાં એનાં મૂળ મળ્યાં. ત્યાં એને 'નારગિલે' કહેતા. સ્વિટ્ઝર્લૅન્ડ અને ઇજિપ્તમાં તેને 'શીશા' તરીકેની ઓળખ મળી. લેબેનોન, ઉઝબેકિસ્તાન અને મધ્યપૂર્વમાં 'અરગિલા' કહેવાયા. કાશ્મીરમાં 'જજિર' નામે ઓળખાયા. ઉપરાંત લુલા, કેચિમ્બા, ગુડગુડા કે ચિલી નામે વિવિધ દેશોમાં તે પ્રચલિત થયા.



બ્રિટિશ ઑફિસર વિલિયમ હિકીના નિરીક્ષણ મુજબ 'લોકો જમવાનું ટાળે પણ હુક્કાને નહિ.'

ખેર ! આવા વી.આઈ.પી. દરજ્જાના હુક્કાને 'હેરિટેજ'નું તિલક મળી શકે કારણ કે દરેક કલાકૃતિનો પોતાનો આગવો ઇતિહાસ છે એમ ડૉ. હિરેનભાઈ કહે છે. તો, અંગત સંગ્રહમાં મહાલતો આ વારસો કેવો છે ? આકર્ષક અને બોલકો. ગોઠવણી અને સ્વચ્છતા તાર્કિક અને અપ્રતિમ. જાતજાતના ને ભાતભાતના હુક્કાઓનો જાણે દેશ જ જોઈ લો ! અપાર વૈવિધ્ય મળે તેના મૂળ ઘડતરમાં ! તાંબા, પિત્તળ, જસત, જર્મન-સિલ્વર, કાંસા, સિરામિક, ટેરાકોટા, લાકડા, કાચ, ચામડા, આરસપહાણ, પથ્થર, માટી, ચાંદી આદિના હુક્કાની નયનરમ્ય શ્રેણી આંખને ઠારે. જુઓ પણે, સુરાહી સમ ગરદનવાળી કૃતિની આકૃતિ ! પેલા 'થ્રી ઇન વન' હુક્કામાં એક સ્ટૅન્ડ પર ત્રણ નલિકા સાઝાચૂલાની જેમ મજિયારાં નિભાવે છે, ખરું ! વિશિષ્ટ પાઇપ અને પૉટ ધરાવતો ભોટવા જેવો પિત્તળનો હુક્કો - તાજ જેવી ડિઝાઇન છે એની. ઊંધા ફ્લાવરવાઝ જેવો દેખાતો, તો વળી પિત્તળની તાસકમાં અથાણાનાં ચલાણાં ગોઠવ્યાં હોય એવો. જર્મન-સિલ્વરના પાણીના પ્યાલાના ઘાટનો હુક્કો. આ બધા જ ભિન્ન ! વૃક્ષાકાર, મશકાકાર, કુંજા ઘાટ, નકશીદાર ધૂપિયા જેવા, બંબા જેવા, ઘંટાકાર - તેમાં પ્યાલા-રકાબી ગોઠવ્યાં હોય એવા, ગોળાકાર, અષ્ટકોણાકાર, પાસાદાર, સ્થાપત્યના ગુંબજ જેવા વળાંકદાર, માટલી જેવા, નારિયેળ જેવા, કેરી જેવા, પર્વતશિખર અને મંદિરશિખર સમ ભાસતા અને રાજસ્થાન-કચ્છના મોરને ગહેકતો કરનારા હુક્કાની નોખી નોખી ભાત શોભાયમાન લાગે છે, નહિ ! હુક્કામાં અગત્યનું છે એનું બેઝ - એટલે કે પૉટ. સંઘેડા-ઉતાર પાયા સૌંદર્યની બાબતમાં નલિકા અને પૉટ પછીના ત્રીજા ક્રમે આવે. કલાની ચરમસીમા પાર કરી જાય એ, કારણ કે એમાં અસીમ કલ્પનાવિશ્વ સમાયેલું છે.

**(અનુસંધાન ૨૮મા પાને)**

# બિનજરૂરી કોલની ઓળખ

ભારતના સરેરાશ મોબાઈલ વપરાશકર્તાને જેટલા કામના ફોન નહીં આવતા હોય એટલા નકામા ફોન દરરોજ આવે છે. એક ખાનગી સર્વેક્ષણમાં જણાયું હતું કે ભારતીય મોબાઈલ વપરાશકર્તાને રોજ સરેરાશ ત્રણ નકામા પ્રમોશનલ ફોન આવે છે. એ ફોનમાં વ્યક્તિગત લોન, ઘર કે કાર માટેની લોન, ક્રેડિટ કાર્ડની ઑફર થતી હોય છે. મોટા ભાગના ફોન બૅન્કિંગ ક્ષેત્રના આવે છે. એક સમયે ક્રેડિટ કાર્ડ બધાને મળતું ન હતું. ક્રેડિટ કાર્ડ હોય એ ખરા અર્થમાં ક્રેડિટ ગણાતી. આજે એનાથી તદ્દન ઊલટું થયું છે. ક્રેડિટ કાર્ડ ન હોય એ સારી સ્થિતિ ગણાય છે, કારણ કે બૅન્કિંગ ક્ષેત્રમાં એટલા માર્કેટિંગ રિપ્રેઝન્ટેટિવ્સ કામ કરે છે અને તેમને એટલો મોટો લક્ષ્યાંક આપ્યો હોય છે કે તે પૂરો કરવા સતત ફોન કરીને વિવિધ ઑફર્સ રજૂ કરે છે.

એવી જ રીતે પ્રમોશનલ કૉલ્સમાં હોટેલ બુકિંગ, વૅકેશનનું આયોજન, કપડાં-જૂતાં ખરીદવા પ્રેરતી ઑફર્સના ફોનનો મારો ચાલતો રહે છે. એમાંય જો યૂઝર્સે જુદી જુદી જગ્યાએ એક જ નંબર સતત રજિસ્ટર કરાવ્યો હોય તો દવાથી લઈને ચશ્માં, મોબાઈલથી લઈને ઈલેક્ટ્રિક સર્વિસના અવિરત ફોન-ટેક્સ્ટ કે વૉટ્સએપ મૅસેજ આવતા રહે છે. પ્રમોશન માટે સૌથી વધુ ટાર્ગેટ કરવામાં આવે છે શહેરીવર્ગને. ગામડાની વ્યક્તિ આ ઑફર્સનો લાભ લેવા તુરંત દોડીને શહેરમાં જઈ ચડે એવી શક્યતા ઓછી છે. શહેરમાં રહેતા લોકો લોભામણી ઑફર્સનો લાભ લેવા સ્થળની મુલાકાતે જાય એ શક્યતા વધારે છે. પરિણામે શહેરી વપરાશકર્તાનો ડેટા તફડાવીને તેમને સવારથી પરેશાન કરતા કૉલ કરવામાં આવે છે તેને ટેલિમાર્કેટિંગ કહેવાય છે.

આવા પ્રમોશનલ કૉલ્સનો અતિરેક થતાં કેટલાય સમયથી તેના પર લગામ કસવાની માગણી થાય છે. જાગૃત નાગરિકોએ ટ્રાઇ સામે આ મુદ્દો ઉઠાવવાનું શરૂ કર્યું, પછી ટ્રાઇએ એ દિશામાં રિસર્ચ-સર્વેક્ષણ કર્યા બાદ એવું તારણ આપ્યું કે બિનજરૂરી ફોન પર લગામ કરવાનું બહુ જ જરૂરી છે, કારણ કે ડેટાનો ગેરલાભ ઉઠાવીને કેટલાય હેકર્સ ઑનલાઈન છેતરપિંડી આચરે છે. ફોન કરીને લોકો પાસેથી સંવેદનશીલ માહિતી મેળવી લે છે. નેટબૅન્કિંગ પાસવર્ડ, ઓટીપી વગેરેથી થતી આર્થિક ગુનાખોરી વધી ગઈ છે. ઑફર્સના નામે વર્ષે હજારો યૂઝર્સ સાથે છેતરપિંડી થાય છે એટલે જો કૉલરની ઓળખ થઈ જાય તો યૂઝર્સ પાસે ફોન ઉપાડવો કે નહીં તેની પસંદગી રહે છે.

આમ તો એ સર્વિસ અત્યારે પણ ઘણા વપરાશકર્તા મેળવી રહ્યા છે. ટ્રૂ કૉલર જેવી થર્ડ પાર્ટી એપ મોબાઈલમાં હોય તો એ ઈનકમિંગ નંબરને ઓળખી કાઢે છે ને એના આધારે વપરાશકર્તાને આવનારા ફોનની જાણકારી મળે છે, પરંતુ એ માટે ફરજિયાત થર્ડ પાર્ટી કૉલરઆઈડી એપ મોબાઈલમાં રાખવી પડે છે. એવી એપ્સનો બીજો કોઈ ગેરલાભ ભલે ન હોય, પરંતુ એમાંથી પણ વપરાશકર્તાનો ડેટા તો જે તે એપની કંપની

પાસે રહી જ જાય છે. વપરાશકર્તાને ખબર નથી એ ડેટાનો ક્યારે, કેવો ઉપયોગ થશે. વળી, ઘણી કૉલરઆઈડી એપમાં હવે સબસ્ક્રિપ્શનનું મૉડલ લાગુ થયું છે. અજાણ્યા નંબરમાં જો ઘણા વપરાશકર્તાએ ફ્રોડ કે સેલ જેવા ટૅગથી કોઈ નંબરને બ્લૉક કર્યો હોય તો એની વિગત બતાવે છે. પરંતુ પર્સનલ લાગે એવા નંબર હોય તો એની ઓળખ સબસ્ક્રિપ્શન ખરીદનારને મળે છે.

આવી સ્થિતિ વચ્ચે હવે ટ્રાઇએ ટેલિકોમ મંત્રાલયને ભલામણ કરી છે કે નેટવર્ક પ્રોવાઇડર કંપનીઓએ ઇનકમિંગ કૉલ વખતે કૉલરની ઓળખ સ્ક્રીનમાં બતાવવી જોઈએ. આમેય સરકારે બ્લૉક ચેઇન પર પણ કામ શરૂ કર્યું છે એટલે વહેલા મોડા આવા ટેલિમાર્કેટિંગ પર લગામ કસવામાં આવશે એ નક્કી છે. એ ન થાય ત્યાં સુધી જો નેટવર્ક પ્રોવાઇડર કંપનીઓ જ અજાણ્યા કૉલરનું નામ સ્ક્રીનમાં બતાવી દે તો કરોડો વપરાશકર્તાને રાહત મળે તેમ છે. ટ્રૂ કૉલર જેવી થર્ડ પાર્ટી કૉલરઆઈડી એપથી મુક્તિ મળી જાય. ટૂંકમાં ટેલિકોમ કંપનીઓએ જ રિસીવ થતા ફોનમાં કૉલરઆઈડીની સર્વિસ ઉમેરવી પડે.

ટ્રાઇની ભલામણ પ્રમાણે સિમકાર્ડ ખરીદતી વખતે જે નામથી રજિસ્ટ્રેશન થયું હોય એ નામ નેટવર્ક પ્રોવાઇડર કંપનીઓએ વપરાશકર્તાને સ્ક્રીનમાં દેખાડવું પડશે. ધારો કે આપણા નામે ખરીદેલું કાર્ડ પરિવારના કોઈ સભ્ય પાસે હોય તો રિસીવરની સ્ક્રીનમાં આપણું નામ દેખાશે. પરંતુ ટ્રાઇની ભલામણ મુજબ જથ્થાબંધ નંબર એક નામથી હોય તો પછી કંપનીના નામે રજિસ્ટ્રેશન કરીને એ નામ દર્શાવવું. જેમ કે કોઈ બૅન્કે તેમના કર્મચારીઓ માટે સિમકાર્ડ ખરીદ્યાં હોય તો નેટવર્ક પ્રોવાઇડર કંપનીઓ બૅન્કનું નામ સ્ક્રીનમાં દેખાડશે. તેનાથી મોબાઇલ વપરાશકર્તાને એ વિકલ્પ મળશે કે તેમણે ફોન ઉપાડવો કે નહીં. ધારો કે કોઈ વ્યક્તિનું નામ સ્ક્રીનમાં દેખાડે અને તેની સાથે રિસીવરને કોઈ સંબંધ નથી, પરંતુ નામ જોઈને અધિકૃત લાગે તો એ ઉપાડશે, પણ જો બૅન્ક-કંપની કે સંસ્થાનું નામ સ્ક્રીનમાં દેખાશે તો એ ફોન ઉપાડવાનું ટાળશે.

આવો પ્રસ્તાવ આમ તો ગત વર્ષના અંતે સંસદમાં રજૂ થયેલા નવા ટેલિકૉમ્યુનિકેશન બિલમાં જ હતો. એ પ્રમાણે કૉલ ડ્રૉપ થાય તો પણ વપરાશકર્તાને વળતર આપવાની જોગવાઈ ઉપરાંત ટેલિમાર્કેટિંગમાંથી કરોડો વપરાશકર્તાને રાહત આપવાનો મુદ્દો પણ હતો. કૉલ બ્લૉકની વ્યવસ્થા બનાવવાની દિશામાં કેન્દ્ર સરકારે કામ શરૂ કર્યું છે એવું અગાઉ બે-ત્રણ વખત કહેવાઈ ચૂક્યું છે. ત્યારે ટ્રાઇની 'કૉલિંગ નેમ પ્રેઝન્ટેશન' નામની આ ભલામણ પછી બિનજરૂરી કૉલની ઓળખ જો ફરજિયાત બને તો એ કૉલ બ્લૉકની દિશામાં એક મહત્ત્વનું પગલું હશે.

કોઈના નામથી સિમકાર્ડ ખરીદીને આચરવામાં આવતાં કૌભાંડો પણ ઘટશે. આ સિસ્ટમ ઊભી કરવામાં કરોડોનો ખર્ચ થશે એટલે આર્થિક બોજો વધશે એવું કહીને ટેલિકોમ કંપનીઓ ડેડલાઈન લંબાવ્યા રાખે છે એટલે વાત દરેક વખતે અટકી પડે છે, પરંતુ હવે કંપનીઓને એક ડેડલાઇન આપી દેવામાં આવશે. એ દરમિયાન તેમણે બજેટ ફાળવીને વ્યવસ્થા કરી દેવી પડશે.

**- હર્ષ મેસવાણિયા**

# એક મકાનની અંદર સમેટાઈ ગયેલું શહેર

અલાસ્કાના વ્હિટીએર (Whittier) શહેરમાં આવેલ બેજિક (Begich) ટાવર એક રીતે ખાસ છે - આ ટાવરની અંદર જ આ શહેરની લગભગ સમગ્ર વસ્તી - આશરે ૨૨૦ માત્ર - રહે છે. સમગ્ર શહેરને એક છત નીચે સમાવી લેવાની આ અનેરી ઘટના છે. આનાં કારણો પણ છે અને પરિણામ પણ. એમ કહેવામાં આવે છે કે દ્વિતીય વિશ્વયુદ્ધ પછીની સ્થિતિ માટે લશ્કરી જરૂરિયાત પ્રમાણે ૧૯૫૩માં આ ટાવરની રચના કરવામાં આવી હતી જે આજે સમગ્ર શહેરને આશરો આપવાની સાથે સાથે અહીંના લોકોની વિવિધ સામાજિક, શૈક્ષણિક, વ્યાપારી તથા મનોરંજનની જરૂરિયાતો પણ સંતોષે છે. આ મકાન રહેવાસીઓની મોટાભાગની બધી જ જરૂરિયાતો પૂરી પાડી શકવા સમર્થ હોવાથી કોઈને બહાર જવું પડે તેવી પરિસ્થિતિ લગભગ ઊભી નથી થતી.

૧૪ માળના આ લંબચોરસ ઘનાકાર મકાનનાં આંતરિક સ્થાન આવનજાવનના માર્ગ કૉરિડૉર, દાદર, ટનલ અને લિફ્ટ વડે પરસ્પર સંકળાયેલાં છે. આ યાતાયાતનું માળખું શહેરની શેરીઓની યાદ અપાવે, ફેર એટલો કે અહીં બધું પરસ્પર લંબમાં હોય, નિયમિત પહોળાઈવાળું હોય, બંધિયાર હોય અને ઓછું ગીચ હોય. પણ આ શેરીઓમાં જરૂરી વિવિધતા તથા રસપ્રદતા વણાઈ ના હોય.

આમ તો આ એક મકાન છે પણ તેના સમગ્ર વિસ્તારને ત્રણ ભાગમાં વર્ગીકૃત કરી શકાય તેવી તેની રચના છે. આ પ્રત્યેક ભાગ સાથે જે તે ચોક્કસ પ્રકારનાં સંસાધનો અને કાર્યક્ષેત્ર ગોઠવાયેલાં છે. આમાં શાળા, ચર્ચ, હૉસ્પિટલ, પોસ્ટઑફિસ, દુકાનો, રેસ્ટોરન્ટ, ઇન્ડોર રમતગમતનાં સ્થાન, મનોરંજન માટે નાના સ્ક્રીનવાળું થિયેટર - લગભગ બધું જ છે. અહીં બનાવાયેલ આવાસ ભિન્ન ભિન્ન પ્રકારના, જુદી જુદી જરૂરિયાત પ્રમાણેના છે. આવાસમાં રહેલી આવી ભિન્નતાને કારણે સમગ્ર શહેરમાં થોડીક રસપ્રદતા જળવાઈ રહે છે. નહીંતર સ્થાપત્યની દૃષ્ટિએ મકાન તો એકધારું અને ચીલાચાલુ છે.

આ પ્રકારનું શહેર જો આજની તારીખમાં નવેસરથી બનાવવામાં આવે તો તેનું સ્થાપત્ય રસપ્રદ બની શકે. પણ આ તો એક જૂનું લશ્કરી મથકનું મકાન છે, જેનો શહેર તરીકે ઉપયોગ થઈ રહ્યો છે. તેથી અહીં સ્થાપત્યમાં નથી રસિકતા કે નથી ગુણવત્તા. ૧૪ માળના મકાનમાં જે જે રચનાગત સંભાવનાઓ હોવી જોઈએ, દૃશ્ય અનુભૂતિમાં જે સમૃદ્ધિ હોવી જોઈએ, એકધારાપણામાંથી જે મુક્તતા પ્રતીત થવી જોઈએ તથા વ્યક્તિની ભાવના અને સંવેદનાઓને જે પ્રમાણેનો યોગ્ય પ્રતિભાવ મળવો જોઈએ - તે અહીં ક્યાંય નથી. અહીં ભૌતિક જરૂરિયાતો સંતોષાઈ જાય છે પણ ભાવાત્મક સંબંધ ઊભો થવો અઘરો છે. એક દૃષ્ટિએ જોતાં આ રહેવા માટેની સગવડ નથી પણ રહેવા માટેનું મશીન છે.

લંબચોરસ આકારવાળી એકધારી માળખાગત રચના, કંટાળાજનક આવનજાવનના

માર્ગ, આબોહવાને કારણે સ્વીકારી લેવામાં આવેલું બંધિયારપણું, માનવીય અનુભૂતિને રસપ્રદ બનાવવા જરૂરી વિવિધતાનો અભાવ, મર્યાદિત લોકોને વારંવાર ઇચ્છા-અનિચ્છાથી અથડાવું પડે તેવો માહોલ - આ બધું આ મકાનનું નકારાત્મક પાસું છે. તેની સામે તેમની જરૂરિયાતો સંતોષાઈ જાય છે અને



તેમને સ્થળાંતર કરવાની જરૂર ઊભી નથી થતી. તેઓ પોતાના વતન સાથે જોડાયેલા રહે છે. એક મકાનમાં રહેવાથી જે જીવનશૈલી વિકસી હોય તે માટે તેમનો લગાવ હોય, તે પણ સ્વાભાવિક છે અને આ લગાવને તેઓ સન્માનથી જોતા હશે.

ઘણી વાર લાગે છે કે આ શહેરથી ઉદ્ભવેલી જીવનશૈલીથી લોકો એવા તો ટેવાઈ ગયા છે કે આ મકાન તેમને જેલ જેવું પણ નહીં લાગતું હોય. અન્ય એક દૃષ્ટિકોણથી જોઈએ તો એમ પણ જણાશે કે અહીં બધા જ લોકો એક વિસ્તૃત કુટુંબની ભાવનાથી રહેતા હશે. અહીં પરસ્પર દ્વેષ કે મતભેદ હોય તોપણ તેને સીમિત રાખતાં લોકો શીખી ગયા હશે. અહીં પોતાની માલિકીના ક્ષેત્ર માટે કોઈ દાવો નહીં કરતું હોય. વળી મર્યાદિત વિસ્તારમાં રહેવું ફરજિયાત હોવાથી અહીં પરસ્પરનો સંબંધ પણ વ્યવસ્થિત જળવાઈ રહેવાની સંભાવના રહી છે. એ રીતે જોતાં આ એક આદર્શ શહેરનો નમૂનો બની રહે. સ્થાપત્યની વાત જુદી છે.

રણમાં પણ વસાહતો ઊભી થઈ છે અને સાઇબેરિયાના ઠંડા પ્રદેશોમાં પણ સમાજ એટલા જ ઉમળકાથી રહે છે. આબોહવા સામે જીતી શકાય પણ એકલતાને કારણે ઊભા થતા પ્રશ્નોનું નિરાકરણ શક્ય નથી. સહ-અસ્તિત્વ જરૂરી છે. આ તો એક નાના મકાનમાં સમાઈ ગયેલા શહેરની વાત થઈ. એક પ્રમાણમાપને અનુસરીએ તો જણાશે કે આપણી પૃથ્વી પર નાનકડું મકાન જ છે; અહીં પણ સાથે રહેવાની જરૂરિયાત છે. વિભાગીકરણની વિચારધારાને પ્રોત્સાહન ન મળવું જોઈએ. પ્રત્યક્ષ યા પરોક્ષ રૂપે, એક યા બીજાં કારણોસર, એક યા અન્ય સ્વરૂપે, વિશ્વમાં બધાને એકબીજાની જરૂર છે. પોતાના જીવનને શક્ય એટલું અર્થપૂર્ણ બનાવતાં બનાવતાં, પરસ્પરની જરૂરિયાતો સંતોષીને, જે કંઈ મળે છે તેની પરસ્પર વહેંચણી કરીને અને એકબીજા પ્રત્યે ઉદાર તથા સહનશીલ બનીને આ નાનકડી પૃથ્વી પર જીવન વ્યતીત કરવાનું છે. આ નાનકડી પૃથ્વી પણ એક વિશાળ શહેર જ છે.

આ મકાન માનવજાત માટે એક મહત્ત્વનો સંદેશો છે. વ્યક્તિ ગમે તેટલો સક્ષમ બને તોપણ સહઅસ્તિત્વની - સમાજની જરૂરિયાત કાયમી છે. તેથી જ હળીમળીને રહેવું પડે. વ્યક્તિ આમ પણ પોતાની રીતે પોતાની બધી જ જરૂરિયાતો સ્વયં પૂરી કરી શકવા અસમર્થ છે. સમાજની પ્રત્યેક વ્યક્તિનો સાથ જરૂરી છે. માનવી સામાજિક પ્રાણી છે, સામાજિક ઉત્તરદાયિત્વ સામે વ્યક્તિગત અસ્તિત્વને ઓછું મહત્ત્વ મળવું જોઈએ.

**— હેમંત વાળા**

# ભૂમિખંડોની બદલાતી સીમાઓ


વિશ્વનો નકશો દેશોની સીમાના સંદર્ભમાં બદલાતો આવ્યો છે, પરંતુ તાજેતરમાં સેટેલાઈટના માધ્યમથી થયેલા અભ્યાસના આધારે પૃથ્વીના દેશોના ખંડોમાં બદલાવ થવાની શંકા સેવાઈ રહી છે. આની સમજ માટે પૃથ્વીના જન્મના સંદર્ભમાં જાણવું જરૂરી છે.

ભૂસ્તરીય કાળમાં અગાઉ અસ્તિત્વ ધરાવતો સંયુક્ત ભૂમિસમૂહ જે પેન્જિયાના નામે ઓળખાતો હતો, જે પેન્થાલાસા (પૅન = આખું) મહાસાગરના જળથી વીંટળાયેલો હતો. પૃથ્વીના ગોળાની અંદર થયેલી ભૂસંચલનની ઘટના અને ખંડીય પ્રવહનના સિદ્ધાંતો પર આધારિત કાર્બોનિફરસ યુગના પ્રારંભકાળમાં ત્રણ મુખ્ય ખંડસમૂહોનું અસ્તિત્વ હતું, જે એકબીજા તરફ ખસતા જતા હતા. કાળક્રમે તેઓ ભેગા થયા. જોડાણ પામેલો જે એક વિશાળ ભૂમિસમૂહ રચાયો તેને ભૂસ્તરવિદોએ ‘પેન્જિયા’ તરીકે ઓળખાવ્યો. પેન્જિયા ભૂમિસમૂહ મધ્યજીવયુગ સુધી એક મહાખંડ સ્વરૂપે રહેલો, તે પછીથી તેમાં ભંગાણ પડેલું. પૃથ્વીના પોપડાના ખંડિત ભાગોનાં ભૌગોલિક અને ભૂસ્તરીય લક્ષણોના તલસ્પર્શી અભ્યાસ પરથી જાણવા મળ્યું છે કે પૃથ્વીનો પોપડો અનેક વિશાળ દઢ ભૂ-તકતીઓનો બનેલો છે, જે જુદા જુદા ખંડિત વિભાગોમાં વહેંચાયેલો છે. નાની-મોટી તકતીઓ જે ખંડીય વિભાગો, સમુદ્રતળ પ્રદેશો અને ખંડીય છાજલીઓને આવરી લે છે.

હેસ નામના વૈજ્ઞાનિકે 1960ના વર્ષમાં જણાવ્યું હતું કે પૃથ્વીનો દઢ ગણાતો પોપડો શિલાવરણની નાની-મોટી 20 કે તેથી વધુ ભૂ-તકતીઓનો બનેલો છે. આ તકતીઓ એકબીજાના સંબંધમાં ક્ષૈતિજ સ્થિતિમાં ખસે છે, ખસતી રહે છે, અથડાય છે અને એકની નીચે બીજી દબાય પણ છે. પરિણામે પ્રકારભેદે, સ્થાનભેદે તેમની સંપર્કસીમાઓ પર ભૂકંપીય ક્રિયાઓ તેમજ મેગ્મા(લાવારસ)ની ઉદ્‌ભવક્રિયા થતી રહે છે. ક્યાંક પોપડો નવીનીકરણ પામે છે તો ક્યાંક આત્મસાત્ થઈ જાય છે.

આ ભૂ-તકતીઓનું સંચલન ધીમી ગતિથી થયા કરતું હોય છે. તેમની ગતિશીલતાનો આધાર પ્રત્યેક તકતી ઉપર ભિન્ન હોય છે. તેમ છતાં તેમની ગતિનો દર પ્રતિવર્ષે ભૂપૃષ્ઠના સ્થાનભેદે ક્યાંક, 1થી 5 સેમી. તો બીજે 2થી 20 સેમી.નો અંદાજ મૂકી શકાય.

પૃથ્વી સપાટી ઉપર મોટી ભૂ-તકતીઓ સાતથી આઠ આવેલી છે. જેમાં ઍન્ટાર્કિટક યુરેશિયન, ઉત્તર અમેરિકા, દક્ષિણ અમેરિકા, પૅસિફિક, ઇન્ડો-ઑસ્ટ્રેલિયન અને આફ્રિકન છે. જ્યારે 12 જેટલી નાની ભૂ-તકતીઓ જેમાં અરેબિયન, કેરિબિયન, જુઆન-ડે-ફુકા, કોકોસ, નાઝ, ફિલિપાઈન્સ સમુદ્ર અને સ્કોટિઆ વગેરે છે. એમ




માનવામાં આવે છે કે 20 જેટલી નવી ભૂ-તકતીઓ 21મી સદીમાં જોવા મળી. આ નાની તકતીઓ ટેરેન્સ (terrans) તરીકે પણ ઓળખાય છે.

મોટી ભૂ-તકતીઓમાં આફ્રિકન તકતી જે નુબિઅન ભૂ-તકતી તરીકે ઓળખાય છે, જેમાં આફ્રિકન ખંડના મોટા ભાગના વિસ્તારનો સમાવેશ થાય છે. આ તકતીની પશ્ચિમે તેમજ દક્ષિણે મહાસાગરની તકતીઓ આવેલી છે. આ આફ્રિકન ભૂ-તકતીની સીમાએ અરેબિયન ભૂ-તકતી, સોમાલી ભૂ-તકતી, યુરેશિયન ભૂ-તકતી, એજિયન સમુદ્ર ભૂ-તકતી, ઉત્તરે એનાતોલિયા ભૂ-તકતી તેમજ દક્ષિણે આટલાન્ટિક ભૂ-તકતીઓ આવેલી છે.

આફ્રિકન ભૂ-તકતીના વિસ્તારમાં પણ આવો બદલાવ આવી શકશે ? તે અંગે પણ સંશોધન કરવું પડશે.

પૂર્વ આફ્રિકાની ખંડીય ફાટ રહસ્યોથી સભર હોવાની જાણકારી ૨૦૦૫ના વર્ષમાં થઈ. સેટેલાઇટ દ્વારા અવકાશમાંથી દેખાતી ફાટની જાણકારી ક્રમશઃ મળવા લાગી. નાસાની ‘પૃથ્વીની વેધશાળા’ના અહેવાલ મુજબ સોમાલી તકતી અને આફ્રિકન તકતી બંને જુદી જુદી છે. આ બંને તકતીઓ મનસ્વી રીતે એકબીજાથી દૂર થતી નથી, પરંતુ તે ઉત્તર તરફ અરેબિયન તકતી તરફ ખસે છે જે એક કુતૂહલ નિર્માણ કરે છે. આ ત્રણે તકતીઓ ઈથિયોપિયા પાસે મળે છે. આ ત્રિભેટનો પ્રદેશ ‘Afar’ પ્રદેશ તરીકે ઓળખાય છે. અહીં આવેલી ફાટનો આકાર લગભગ ‘Y’ જેવો લાગે છે. ‘The Geological Society’ના જણાવ્યા મુજબ આ આકર્ષક ફાટ આશરે 2175 માઈલ(3280 Am.) લાંબી છે. જે રાતા સમુદ્રથી શરૂ કરીને દક્ષિણે મોઝામ્બિક સુધી લંબાયેલી છે.

આ આફ્રિકન ભૂ-તકતી વિસ્તાર આશરે 6,12,00,000 ચો.કિમી. જેટલો છે તે આટલાન્ટિક મહાસાગર, ભૂમધ્ય સમુદ્ર અને રાતા સમુદ્ર સાથે સંકળાયેલ છે. આશરે 600 લાખથી 100 લાખ વર્ષ પૂર્વે સોમાલી ભૂ-તકતી આફ્રિકન ભૂ-તકતીથી પૂર્વ

તરફ ખસવા લાગી. આફ્રિકા ખંડના મધ્યભાગમાં નાટકીય બદલાવની શક્યતાને કારણે નવો ખંડ અસ્તિત્વમાં આવી શકે તેમ મનાય છે. છેલ્લાં વીસ વર્ષથી પૃથ્વીના માળખામાં તિરાડ/ફાટને કારણે ખંડોની સરહદોમાં ફેરફાર થવાની શક્યતા વધી છે. પરિણામે નવા ભૂમિ- ખંડ અને નવા સમુદ્ર નિર્માણ પામવાની સંભાવના પણ વધી છે, પરંતુ કયાં રહસ્યમયી બળોને કારણે આ વિશાળ ભાગો નિર્માણ થવા જઈ રહ્યા છે ? ભવિષ્યમાં આફ્રિકા કે દુનિયાના દેશોના પુનઃ આકાર કેવા નિર્માણ થશે ? આ ફેરફારને માનવજાતિ જોવા પામી શકશે? મોહિત કરતી દૃશ્યમાન ઘટનાઓનાં રહસ્યો ખુલ્લાં થશે ? આ પ્રશ્નો સાથે બીજા ત્રણ પ્રશ્નોને પણ સમજવા પડશે. શું આફ્રિકાની ફાટ પહોળી થશે ? આ લાવાયિક ઘટના વિશ્વના ભૂ-રાજકારણમાં બદલાવ લાવશે ? શું બીજા ખંડોમાં પણ આવો બદલાવ આવી શકશે ? તે હવે શોધવું પડશે.

ભૂસ્તરવિદોનું માનવું છે કે આ ફેરફારો જોવા મળે છે તે માટે ધ્રુવ પણ ખસ્યો હોય અથવા ભૂચુંબકીય બળમાં બદલાવ આવ્યો હોય અથવા ભૂચુંબકીય કેન્દ્રમાં ફેરફાર થયો હોય તેવું શક્ય છે. ભૂતકાળમાં આ પ્રકારની ઘટના અનેક વાર અનુભવાઈ હશે.

ગમે તેમ પણ ભૂચુંબકત્વના બદલાવ અને ભૂ-તકતી સંચલન વચ્ચે શો સંબંધ છે તે સમજવું જરૂરી છે. શક્તિશાળી લાવાયિક પ્રસ્ફુટનની અસર ખંડોના માળખામાં થાય છે ? તે પણ જાણવું જોઈએ.

**- નીતિન કોઠારી**

---

**(૨૧મા પાનાનું ચાલુ)**

હુક્કાની સળંગ કલાકૃતિમાં મીનાકારી, નકશી, બિંદીકામ (જડતર), ઝીણી લાવણ્યમયી કોતરણી, વિવિધ વિષયો જોવા મળે. પાયાની જગ્યાએ ક્યાંક ચાલણગાડી ગોઠવાયેલી છે, તો ત્રણસો વર્ષ જૂનો મુઘલ હુક્કો નારીદેહમાં ઢળાયેલો છે. કલાત્મક સ્ટૅન્ડ ઉપર નળી ભરાવેલો હુક્કો જમણો હાથ ઊભો કરી છડી પોકારતો ભાસે - જાણે કે દૂર-સુદૂર રળિયામણા ડુંગર ઉપર દૃષ્ટિપાત ન કરતો હોય ! આ સંગ્રહાલયનું તે મોંઘેરું નજરાણું છે. દક્ષિણ ભારતીય મંદિરિયામાં ટટ્ટાર ઊભેલી દીવીઓ જેવા હુક્કા, જાડા-મોટા પેટવાળા, પાતળા, લાંબા-ટૂંકા કે પછી માથે હેલ લઈને ઊભેલી પનિહારીઓ જેવા, કેડે હાથ દઈ સ્મિત કરતી કોમલાંગી જેવા, હંટરવાળીની યાદ અપાવતા કે મોહેં-જો-દડોની નૃત્યાંગનાનું રૂપ ધારણ કરેલા હુક્કા અહીંની અપૂર્વ સજાવટમાં મ્હાલે છે. ડાબરાના ઢાંકણાની ટોપી પહેરેલા, પતલી કમરવાળી નાજુક લલના ઘેરદાર ઘાઘરો પહેરી ઘૂમર કરતી હોય એવો હુક્કો લજામણીના છોડ જેવો લાગે. વજનિયા જેવા, ઘંટીના થાળા પર બેઠેલા બેઠી દડીના હુક્કા, અતિ નાના માઇક્રો હુક્કા ‘હાલોને જઈએ મેળે’ ગાતા સંભળાય. હથેળીમાં સમાઈ જતા કોમળ હુક્કા સ્ત્રીઓને સમર્પિત હતા જે જોઈ ગાઈ ઉઠાય…‘હળવે તે હાથે અમને ઉપાડજો…રે અમે કોમળ કોમળ.’ હુક્કો એટલે એકત્વનો ઉત્સવ, સંપનો પ્રહરી, વટનો કટકો, જાજરમાન ભવ્ય ઈતિહાસ… આ સઘળું છે અહીં હાઉઝિયમમાં !

**– સુધા ભટ્ટ**

# ગાંધીચેતના ને 'પંજ તીરથ'ની જાત્રા

સમયાવધિ મુજબ આશરે બે કલાકની મોટરમાર્ગની ત્રિજ્યામાં ગાંધીચેતના હજી કેટલીક સક્રિય રહેલી સંસ્થાઓ - આશ્રમો, વિદ્યાલયો, છાત્રાલયો, વ્યક્તિઓ ને વિચારોમાં જીવંત છે. આ ત્રિજ્યાના કેન્દ્રમાં છે સૂરત શહેર. બસ, અહીંથી જ ઊપડી હતી અમારી જાત્રા. અહીં પાંચ (પંજ) ઐતિહાસિક ગાંધીધામો અને દરેકનાં સૂરતથી મોટરમાર્ગનાં અંતરો જાણીએ (અરસપરસનાં પણ): હરિપુરા (૪૪ કિમી., બારડોલીથી ૧૩ કિમી.); બારડોલી (૨૮ કિમી); ધરાસણા (૮૨ કિમી., દાંડીથી ૪૫ કિમી); વેડછી (૫૭ કિમી). એક દિવસ વિચારનો ફૂટ્યો ફણગો ને ફણગાને ફૂટી પાંખ ને બસ, થઈ ગયું સાકાર મારા પંજ તીરથનું સપનું.. સૂરત મારું શહેર નથી, પણ ગાંધીજીની દક્ષિણ ગુજરાતમાં રહેલી ઐતિહાસિક હાજરાહજૂર હાજરી અને તે સૂરત શહેરની ઈર્દગિર્દની નરી વાસ્તવિકતાએ મને દોર્યો... પંજ તીરથના મુખ્ય સાથીઓ એટલે સૂરતનિવાસી સ્થપતિ, ડિઝાઈનર અને શિક્ષક બિનિતા પંડ્યા તથા મૂળ દાંડીના 'યજ્ઞ પ્રકાશન'ના સંયોજક અને 'ભૂમિપૂત્ર'ના સહસંપાદક પારુલ દાંડીકર. આ બંને મિત્રો વેડછીના નારાયણભાઈ દેસાઈ(૧૯૨૪-૨૦૧૫)સ્થાપિત સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય, જુગતરામભાઈ દવે(૧૮૮૮-૧૯૮૫)સ્થાપિત વેડછી આશ્રમ અને તેને સંલગ્ન ગાંધી વિદ્યાપીઠ તેમજ ઐતિહાસિક બારડોલી સત્યાગ્રહની ફલશ્રુતિ રૂપે તેની શતાબ્દી મનાવવાના આરે પહોંચતા અને હજી સક્રિય સ્વરાજ આશ્રમ સાથે તેમજ વાલોડમાં ચાલતી બુનિયાદી શિક્ષણની પ્રવૃત્તિઓ સાથે નિકટથી સંકળાયેલા હોવાથી અમે સૌ પંજ તીરથીઓ એમના સાયુજ્ય ને જ્ઞાનથી લાભાન્વિત થયાં ને બન્યા સહયાત્રીઓ.

અમારી સોળની પંજ તીરથ ટુકડીમાં શક્તિનું સિંચન કરવા માટે હોંશે હોંશે જોડાઈ હતી - બુલંદ અવાજે ગાંધીબાપુનાં સુરીલાં, ઝારખંડી આદિવાસી ગીતો ગાતી મેઘા શ્રીરામ ડાલ્ટન. મેઘાનાં મેધાવી ગાંધી-ગીતોની સાથે યુવાન પંજ તીરથીઓમાં જાણે નવી ચેતનાનો સંચાર થતો ગયો. હવે ટૂંકમાં દરેક તીરથની ગાંધીજી સંદર્ભે ઐતિહાસિક અગત્ય અને તેની સાથે ચાલતી જાત્રા વિશે :

**તીરથ એક, હરિપુરા :** ૧૯૩૮ના ફેબ્રુઆરી મહિનામાં ભરાયેલા ઈન્ડિયન નૅશનલ કૉંગ્રેસના એકાવનમા અધિવેશનના પ્રમુખ તરીકે સુભાષચંદ્ર બોઝ ચૂંટાયા હતા. બારડોલીથી સાવ નજીક હરિપુરા (કાદોડ) ગામની પસંદગી વલ્લભભાઈ પટેલની હતી. દેશભરમાંથી બે લાખ જેટલા પ્રતિનિધિઓ હરિપુરા પધાર્યા હતા. અધિવેશનના સ્થળનું નામ વિઠ્ઠલભાઈ પટેલ(૧૮૭૩-૧૯૩૩)ની સ્મૃતિમાં 'વિઠ્ઠલનગર' આપવામાં આવ્યું હતું. વિઠ્ઠલનગરને કલામય રીતે સુશોભિત બનાવવા માટે રવીન્દ્રનાથ ટાગોરના શાંતિ નિકેતનથી કલાગુરુ નંદલાલ બોઝ અને એમના વિદ્યાર્થીઓ અને કારીગરો બંગાળથી



**બારડોલી સ્વરાજ આશ્રમ કન્યાશાળા : વિદ્યાર્થીનીઓ અને પંજ તીરથીઓને ગોળાકારે લયબદ્ધ નૃત્ય કરતાં જોઈને ઉલ્લાસમાં નાનીબહેન વાહ ! વાહ ! પોકારે છે**
**છબિ : પંજ તીરથ ફિલ્મકૃતિમાંથી સ્ક્રીનશૉટ**

હરિપુરા આવ્યા હતા. જોગાનુજોગ, જુલાઈ, ૨૦૧૯માં અમારી ગાંધીજાત્રા ચાલતી હતી ત્યારે જગપ્રસિદ્ધ વેનિસ બિએનાલ પણ યોજાઈ રહ્યું હતું. મહાત્મા ગાંધીની દોઢસોમી જન્મજયંતી (૧૮૬૯-૨૦૧૯) નિમિત્તે ઇટાલીના વેનિસ-૨૦૧૯ના અલાયદા ઇન્ડિયા પેવેલિયનમાં હરિપુરા માટે નંદબાબુએ સર્જેલાં ટેમ્પેરા પેઇન્ટિંગ્સ (જે હરિપુરા પોસ્ટર્સ તરીકે જાણીતાં છે) મુકાયાં હતાં અને એ રીતે અમારા પંજ તીરથનું સૂરત પાસેનું ધામ જગતભરમાં પંકાઈ ચૂક્યું હતું.

**તીરથ બે, બારડોલી :** વલ્લભભાઈ પટેલ(૧૮૭૫-૧૯૫૦)ની આગેવાની હેઠળનો બારડોલી સત્યાગ્રહ ભારતની આઝાદીની ચળવળનો એક ઐતિહાસિક સીમાસ્તંભ છે. એવી ઐતિહાસિકતાની છાંયમાં સ્વરાજ આશ્રમ સંચાલિત કન્યાશાળામાં સેંકડો આદિવાસી અને વંચિત દીકરીઓ નાનીબહેન તરીકે પ્રિય એવાં નિરંજનાબહેન કલાર્થીના માર્ગદર્શન હેઠળ ઉત્તમ અને સર્વાંગી કેળવણી પામી રહી છે. એ બપોરે શું અદ્‌ભુત લયમાં આશ્રમના વિશાળ પ્રાંગણમાં વર્તુળાકારે નાચી હતી કન્યાશાળાની દીકરીઓ! એમના ગીતમાં ભારોભાર મધુરતા. પંજ તીરથીઓ પણ એમની સાથે જોડાયા હતા. છોડવાઓ ને વૃક્ષો પણ. ફુલ્લકુસુમિત દ્રુમદલશોભિનીમ્ ...

**તીરથ ત્રણ, ધરાસણા :** દાંડી પછી તરત ઉપાડેલો ધરાસણાનો નમક સત્યાગ્રહ ગાંધીજીની અહિંસક લડતની ખરી પરીક્ષા લેનારો નીવડ્યો હતો. અહીં સત્યાગ્રહીઓ પર બ્રિટિશ પોલીસે કાળો કેર વર્તાવ્યો હતો, સેંકડો સત્યાગ્રહીઓ ઘાયલ થયા હતા અને ચાર જણ તો શહીદ થયા હતા. ગભરાયેલા બ્રિટિશ અફસરોએ ગાંધીજીની ગુપ્તપણે મધરાતે ધરપકડ કરી લીધી હોવાથી તેઓ ધરાસણા પહોંચી નહોતા શક્યા

પણ એમના કહેવાથી ત્યાંની આગેવાની સરોજિની નાયડુ અને અબ્બાસ તૈયબજીએ લીધી હતી. એમની પણ બ્રિટિશ પોલીસે ધરપકડ કરી હતી. ધરાસણાના ઇતિહાસને વિગતવાર અંકિત કરતી જાણીતા ગાંધીવાદી લેખક-અનુવાદક મોહનભાઈ દાંડીકર(૧૯૩૨-૨૦૨૦)ની પુસ્તિકા અમને એમનાં સુપુત્રી અને અમારાં સહ-તીરથી પારુલબહેને આપી હતી. ધરાસણાની ભૂમિ પર તેનું વર્ણન સાંભળીને બધાની આંખો ભીની થઈ ગઈ હતી. ધરાસણા સત્યાગ્રહના ઇતિહાસનું સ્મરણ કરાવતાં સ્મારકોનાં અમે સૌએ દર્શન કર્યાં.

**તીરથ ચાર, દાંડી :** ૧૯૩૦માં ગાંધીજીએ આદરેલી દાંડીકૂચ તો જગવિખ્યાત છે. બ્રિટિશ સરકારે ભારતની પ્રજા પર લાદેલા અન્યાયી કાનૂન સામે ૧૨ માર્ચ, ૧૯૩૦થી ૬ એપ્રિલ, ૧૯૩૦ના ગાળામાં અમદાવાદના સાબરમતી આશ્રમથી દાંડીના દરિયા-કિનારા સુધીની ૨૪ દિવસની ૨૪૦ માઈલની અહિંસક પૈદલ કૂચે દેશભરમાં નવી ક્રાંતિ આણી દીધી હતી. ૧૯૩૦ની છઠ્ઠી માર્ચે સવારના સાડા છ વાગ્યે ગાંધીજીએ દાંડીના દરિયાકિનારે જાહેરમાં મીઠાના કાયદાનો ભંગ કરીને બ્રિટિશ સલ્તનતને અહિંસક આહ્‌વાન આપ્યું હતું. દાંડી જવું એટલે પહેલાં મૂર્ધન્ય ઇતિહાસકાર મોહનભાઈ દાંડીકરને મળીને જ આગળ વધવું પડે. પંચ્યાસી વર્ષના મોહનભાઈની સ્મૃતિ હજી પણ ટકોરાબદ્ધ, ખૂબ રસપ્રદ વાતો કરી એમણે અમારી સાથે, અમારા યુવાન ગાંધીજીની ખોજમાં નીકળેલા પંજ તીરથીઓને જોઈને તેઓ ખૂબ રાજી થયા. અમે ભાગ્યશાળી હતા કે અમે એમનાં દર્શન કરી શક્યા. એક વર્ષ પછી તો તેઓ નિધન પામ્યા. દાંડીના દરિયાકિનારે જઈને અમે સૌએ મેઘાનાં ગાંધીબાપુનાં ગીતો સાંભળતાં સાંભળતાં વિશાળ મ્યુઝિયમો જોયાં.

**તીરથ પાંચ, વેડછી :** સ્વ. નારાયણભાઈ દેસાઈનાં સુપુત્રી સંઘમિત્રા(ઉમા)બહેન અને સુરેન્દ્રભાઈ ગાડેકરની રાહબરી હેઠળ વેડછી આશ્રમનું સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય હજી પણ સક્રિય છે. વેડછી આશ્રમ અને વિદ્યાલયના સંચાલક અને આચાર્યાબહેને સૌ તીરથીઓને ખૂબ ઉષ્માપૂર્વક આવકારીને એમની પ્રવૃત્તિઓ વિશે માહિતગાર કર્યા અને સાથે જુગતરામભાઈ અને એમના સાથીઓના જીવનકવનનું દસ્તાવેજીકરણ કરતી છબીઓ વગેરેના સંગ્રહાલયથી પરિચિત કરાવ્યા. આમ તો ફક્ત બે જ દિવસ(૧૩-૧૪ જુલાઈ ૨૦૧૯)ની અમારી પંજ તીરથની જાત્રા ખૂબ દીર્ઘ અને ચિરસ્મરણીય રહી. આ જાત્રા દરમિયાન બા અને બાપુ બેઉના અમને સતત સાક્ષાત્કાર થતા રહ્યા અને તે આજીવન અકબંધ રહેશે. અમારી સમસ્ત યાત્રાને યુવાન તીરથી જય ખોલિયા(ગોંડલના અન્ય યુવાન તીરથી અનુજ ટાંકની પૂરક સહાયથી)એ તેના મોબાઈલ ફોન પર ઝડપી લીધી છે અને તેનું સંપાદન કરીને અમે 'પંજ તીરથ' નામની ફિલ્મકૃતિનું સર્જન કર્યું છે. એક નવો પૈસો ખર્ચ કર્યા વગરની આ ફિલ્મકૃતિ ગાંધીચીંધ્યા બુનિયાદી શિક્ષણને ઉપકૃત કરશે. તેનો પ્રીમિયર શો અમદાવાદના ગુજરાત વિશ્વકોશના ઑડિટોરિયમમાં યોજાશે.

**- અમૃત ગંગર**

## આગામી કાર્યક્રમો

## શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

### ( ઑનલાઇન કાર્યક્રમો )

**◈ ૧૦ એપ્રિલ, ૨૦૨૪, બુધવાર : સાંજના ૫-૩૦**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલન દ્વારા યોજાયેલા 'અસ્મિતા વિશેષ સંવાદ'માં શ્રી નીતિન શુક્લનો શ્રી નટવર ગાંધી સાથે સંવાદ. (સમયમર્યાદા : ૧ કલાક, ૫૭ મિનિટ)

**◈ ૨૪ એપ્રિલ, ૨૦૨૪, બુધવાર : સાંજના ૫-૩૦**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા ચાલતા ગુજરાતી ડાયસ્પોરા સંશોધન કેન્દ્ર અંતર્ગત શ્રી અજયસિંહ ચૌહાણે લીધેલી શ્રી પ્રીતિ સેનગુપ્તાની મુલાકાત. (સમયમર્યાદા : ૧ કલાક)

### ( ઑફલાઇન કાર્યક્રમો )

## માતૃભાષા સંવર્ધન કેન્દ્ર

**◈ ૧૩ એપ્રિલ ૨૦૨૪, શનિવાર : સાંજના ૫-૦૦**

વિષય : મનોભાષાવિજ્ઞાન (ભાષાકર્મના પરિપ્રેક્ષ્યમાં)
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર અને ડૉ. પિંકી પંડ્યા

**◈ ૨૭ એપ્રિલ ૨૦૨૪, શનિવાર : સાંજના ૫-૦૦**

વિષય : મનોભાષાવિજ્ઞાન (ભાષાકર્મના પરિપ્રેક્ષ્યમાં)
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર અને ડૉ. પિંકી પંડ્યા

## શિક્ષણવિદ ડો. દાઉદભાઈ ઘાંચી જ્ઞાન-પ્રતિભા એવોર્ડ

**◈ ૩ એપ્રિલ ૨૦૨૪, બુધવાર : સાંજના ૫-૩૦**

નૅશનલ ફૉરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી (NFSU) જેવી વિશિષ્ટ અને આગવી સંસ્થાના સ્થાપક, વાઇસ ચાન્સેલર તેમજ છેલ્લાં ૨૮ વર્ષથી ગુજરાતના ડાયરેક્ટોરેટ ઑફ ફૉરેન્સિક સાયન્સ(DFS)નું સુકાન સંભાળતા અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ફૉરેન્સિક વિજ્ઞાની તરીકે ખ્યાતિપ્રાપ્ત ડૉ. જે. એમ. વ્યાસને આ ઍવૉર્ડ એનાયત કરવામાં આવશે. આ વિશિષ્ટ સન્માન શિક્ષણવિકાસના ધ્રુવતારક ડૉ. દાઉદભાઈ ઘાંચી અર્પણ કરશે અને અતિથિવિશેષ તરીકે ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી હર્ષદ પટેલ ઉપસ્થિત રહેશે.

## એકદિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ

**◈ ૬ એપ્રિલ ૨૦૨૪, શનિવાર : સવારના ૧૦-૦૦થી સાંજના ૪-૦૦**

મુંબઈ વિદ્યાપીઠના ગુજરાતી વિભાગ દ્વારા તેમજ પ્રેમાનંદ સાહિત્યસભા, ગુજરાત

વિશ્વકોશ ટ્રસ્ટ, અનંતરાય રાવળ સ્મારક સમિતિના સંયુક્ત ઉપક્રમે આયોજિત શ્રી પ્રવીણ દરજીનાં જીવન-કવન વિશેનો પરિસંવાદ.

## મહાકવિ શ્રી ન્હાનાલાલ સ્મારક ટ્રસ્ટ

**◈ ૯ એપ્રિલ ૨૦૨૪, મંગળવાર : સાંજના ૫-૩૦**

'ચંદ્રીએ અમૃત મોકલ્યાં' કવિ શ્રી ન્હાનાલાલના જન્મદિને શ્રી અમર ભટ્ટ દ્વારા ન્હાનાલાલનાં ગીતોની પ્રસ્તુતિ તથા શ્રી કુમારપાળ દેસાઈ અને શ્રી પ્રફુલ્લ રાવલનું વક્તવ્ય.

## વિશ્વકોશ લલિતકલાકેન્દ્ર

**◈ ૧૩ એપ્રિલ ૨૦૨૪, શનિવાર : સાંજના ૫-૩૦**

વક્તા : ડૉ. એમ. બાલામણિ

વિષય : સમકાલીન કલા કા દો પહલુ

પ્રો. રાઘવ કનેરિયા અને શ્રી ભૂપેન ખખ્ખરના દસ્તાવેજી ચિત્રની પ્રસ્તુતિ અને સમીક્ષા

## અગસ્ત્ય ફાઉન્ડેશન અને વિશ્વકોશ લલિતકલાકેન્દ્ર
## બેદિવસીય સંગીતોત્સવ

**◈ ૧૯ એપ્રિલ ૨૦૨૪, શુક્રવાર : સાંજના ૬-૦૦ : શાસ્ત્રીય વાદ્ય સંગીત**

કલાકાર શ્રી અભિષેક વ્યાસ - મકરન્દી વીણા

(પુષ્ટિમાર્ગી તથા અનોખા વાદ્યની અનુપમ પ્રસ્તુતિ કરતા કલાકાર)

શ્રી ભગીરથ ભટ્ટ - સિતારવાદન

(નાની વયથી સંગીતની સાધનમાં રત, 'ઇન્ડિયન આઇડોલ'માં નિતાન્ત સુંદર સિતારવાદનથી સૌને અભિભૂત કરનાર, પ્રતિભાસંપન્ન યુવા કલાકાર, ઉસ્તાદ અબ્દુલ હાલીમ જાફર ખાન અને ઉસ્તાદ શહીદ પરવેઝ જેવા દિગ્ગજો પાસે તાલીમ મેળવનાર)

**◈ ૨૦ એપ્રિલ ૨૦૨૪, શનિવાર : સાંજના ૬-૦૦**

'રુદિયાના રાજા ક્ષેમુ દિવેટિયા' ક્ષેમુ દિવેટિયાના જન્મશતાબ્દી વર્ષમાં મૂર્ધન્ય સ્વરકારનાં સ્વરાંકનોનું ગાન

કલાકારો : અમર ભટ્ટ, ગાર્ગી વોરા, સાવની દિવેટિયા શાહ, પ્રહર વોરા, દેવર્ષિ સોનેજી

## આસ્વાદ

**◈ ૨૧ એપ્રિલ ૨૦૨૪, રવિવાર : સવારે ૧૦-૦૦**

વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં 'આફ્રિકન દેશોમાં આંતરવિગ્રહ અને સ્ત્રીઓ' વિશે લેખક, સમાજસેવી સંશોધક અને પ્રાધ્યાપક શ્રી રસિલાબહેન કડીઆ વક્તવ્ય આપશે.

## પ્રવીણ વિસારિયા સ્મારક વ્યાખ્યાન

◈ **૨૩ એપ્રિલ ૨૦૨૪, મંગળવાર : સાંજના ૫-૩૦ થી ૭-૩૦**

વિષય : વીતેલાં વર્ષોમાં કચ્છ : વિકાસ કે પ્રગતિ ?

વક્તા : જાણીતા સામાજિક કાર્યકર શ્રી લીલાધર ગડા

મુખ્ય મહેમાન : ડૉ. અમરજિત સિંઘ, અતિથિવિશેષ : ડૉ. આર. પાર્થસારથિ

## શિક્ષણવિદ શ્રી કંચનભાઈ પરીખ વ્યાખ્યાનશ્રેણી

◈ **૨૪ એપ્રિલ ૨૦૨૪, બુધવાર : સાંજના ૫-૩૦**

વક્તા : શ્રી અમૃત ગંગર વિષય : 'પંજ તીરથ'ની જાત્રા

મહાત્મા ગાંધીજીના હરિપુરા, બારડોલી, ધરાસણા, દાંડી અને વેડછીની પંજ તીરથની જાત્રા જય ખોલિયા(ગોંડલના અન્ય યુવાન તીરથી અનુજ ટાંકની પૂરક સહાયથી)એ મોબાઈલ ફોન દ્વારા ઝડપેલી અને સંપાદન કરીને તૈયાર કરેલી 'પંજ તીરથ' નામની કલાકૃતિની પ્રસ્તુતિ એક નવો પૈસો ખર્ચ કર્યા વગરની આ ફિલ્મકૃતિનું પ્રીમિયર શો યોજાશે.

## વિશ્વકોશ લલિતકલાકેન્દ્ર

◈ **૪ મે ૨૦૨૪, શનિવાર : સાંજના ૫-૩૦**

વિષય : કવિ, કવિતા અને કેફિયત

વક્તા : શ્રી વિનોદ જોશી

## શ્રી કુમાર જયકીર્તિ પ્રેરિત અનેકાંત વ્યાખ્યાનમાળા

◈ **૫ મે ૨૦૨૪, રવિવાર : સવારે ૯-૩૦થી ૫-૦૦**

ક્રાંતદ્રષ્ટા અને યુગપ્રવર્તક પૂજ્ય આચાર્યશ્રીઓ વિશે એકદિવસીય પરિસંવાદ.

પ્રમુખ : કુમારપાળ દેસાઈ, આયોજક : ગુણવંત બરવાળિયા

---

## શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

ગુજરાતી વિશ્વકોશ દ્વારા એક નવું આયોજન ચાલે છે. દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે વિશ્વકોશ દ્વારા આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે.

એપ્રિલ મહિનામાં ૭ એપ્રિલે 'ટારઝન અને એના મિત્રો' અને ૨૧ એપ્રિલે 'જંગલની ક્રિકેટમૅચ' વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ તથા ૧૪ એપ્રિલે 'બીરબલનો ન્યાય', ૨૮ એપ્રિલે 'આર્યનનો રોબૉટ' વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોકસી કરશે.

આ ઉપરાંત દર રવિવારે વાર્તા સાથે એક બાળગીત રજૂ કરવામાં આવશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.




શ્રી ચંદ્રવદન મહેતા સ્મારક સમિતિ દ્વારા શ્રી ચંદ્રવદન મહેતા ઍવૉર્ડ સ્વીકારતા
ગુજરાતના નાટ્યસર્જક શ્રી મધુ રાય તથા કાર્યક્રમમાં ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો



અમદાવાદના જન્મદિવસે
'અમદાવાદ વિશે મારી સફર' વિશે
ડૉ. માણેક પટેલ 'સેતુ'નું વક્તવ્ય



'જ્ઞાનેશ્વરીગીતા અને કર્મયોગ'
વિશે શ્રીમતી અરુણાબહેન જાડેજા

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/04459. postal Regd. No. GAMC-1375/2024-26 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2026. License to post without Prepayment No. PMG/NG/111/2024-2026. valid upto 31/12/2026. Posted at Ahd PSO On 5th every month.

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની એક નવી પહેલ

## ગુજરાતી ડાયસ્પોરા સાહિત્ય સંશોધન કેન્દ્ર

- છેલ્લાં ૩૩ વર્ષથી માતૃભાષા ગુજરાતીના ચાહક શ્રી કિશોરભાઈ દેસાઈની રાહબરી હેઠળ અમેરિકાથી પ્રકાશિત થતા ત્રૈમાસિક 'ગુર્જરી ડાયજેસ્ટ'નું હવે વિશ્વકોશ દ્વારા પ્રકાશન.
- શ્રી કિશોર દેસાઈના સહયોગથી વિશ્વકોશના એક અલાયદા મકાનમાં શરૂ થશે ગુજરાતી ડાયસ્પોરા સાહિત્ય સંશોધન કેન્દ્ર. જેમાં ઑસ્ટ્રેલિયા, કૅનેડા, ન્યૂઝીલૅન્ડ, કેન્યા તથા પાકિસ્તાનમાં વસતા ગુજરાતી સર્જકોનાં પુસ્તકો અને સામયિકોનો સંગ્રહ કરાશે.
- 'ગુર્જરી ડાયજેસ્ટ'ના તમામ અંકોની ફાઈલ રાખવામાં આવશે, જે અભ્યાસીઓ અને પીએચ.ડી. કરતા વિદ્યાર્થીઓને ઉપયોગી થશે.
- ભારતની મુલાકાતે આવતા સર્જકોનો ઈન્ટરવ્યૂ લઈને તેનો વીડિયો પ્રસારિત કરવામાં આવશે તેમ જ વિશ્વકોશના આર્કાઇવ્ઝમાં તેની જાળવણી કરવામાં આવશે. તે સંદર્ભે મધુ રાય, પ્રીતિ સેનગુપ્તા, કિશોર દેસાઈ અને નટવર ગાંધીનો ઈન્ટરવ્યૂ લેવાઈ ચૂક્યો છે.
- વિદેશથી કોઈ સર્જક ભારતની મુલાકાતે આવે ત્યારે તેમને અભ્યાસ અને સંશોધનમાં સહયોગ મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવશે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી ઑફસેટ, સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪